Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૨ મું. સંવત ૨૦૦૦

અંક ૩ જો. આશ્વિન : ઓકટોમ્બર

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧ નૂતન વર્ષાભિનંદન ... | ૪૫ | ૫ યોગની અદ્ભૂત શક્તિ ... | ૫૫ |
| ૨ આત્મશુદ્ધિ... ... ... | ૪૭ | ૬ પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય | ૫૭ |
| ૩ ગુણસ્થાન વિચારણા–આત્મોન્નતિનો અનુક્રમ ... ... | ૫૦ | ૭ समयं मा पमाए । ... | ૫૯ |
| ૪ अरिहंत चेइआणंના કાયોત્સર્ગમાં આવતા પાંચ ગુણો ... | ૫૩ | ૮ વર્તમાન સમાચાર: બિકાનેર સમાચાર તથા બેંગલોરની પાઠશાળાનું ઉદ્ઘાટન ... ... | ૬૧ |


### નવા થયેલા માનવંતા સભાસદો.

૧ પારેખ ત્રિભુવનદાસ દુર્લભદાસ પેટ્રન ભાવનગર

| | | |
|---|---|---|
| ૨ શાહ ધરમચંદ નરસીદાસ લાઈફ મેમ્બર | ,, | |
| ૩ શાહ શાંન્તીલાલ પરસોતમદાસ | ,, | ,, |
| ૪ કાન્તીલાલ એમ. ઝવેરી | ,, | મુંબઇ |
| ૫ શાહ ખીમચંદ અમીચંદ | ,, | ,, |
| ૬ શાહ ધીરજલાલ હીરાચંદ | ,, | ,, |
| ૭ શેઠ ડુંગરશી કાનજીભાઇ | ,, | ,, |
| ૮ શાહ હરિલાલ તારાચંદ | લા. મે. | મુંબઇ |
| ૯ ચોકશી મોહનલાલ દીપચંદ | ,, | ,, |
| ૧૦ શેઠ ગુલાબચંદ ગફૂલભાઇ | ,, | ,, |
| ૧૧ દોશી દલીચંદ પરશોતમ | ,, | બોટાદ |
| ૧૨ શા. ત્રિભુવનદાસ જમનાદાસ | ,, | શિહોર |

### નવા થનારા જૈન બંધુઓ અને બ્હેનોને નમ્ર સુચના.

ગયા વર્ષમાં ભેટ આપેલા શ્રી આદિનાથ ચરિત્ર વગેરે સુંદર પુસ્તકો આ સભામાં નવા થનારા લાઇફ મેમ્બરોને માત્ર દીવાળી સુધી ભેટ આપવાની ઉદારતા સભાએ દાખવી છે, જેથી ત્યાં સુધીમાં નવા થનારા લાઇફ મેમ્બરોએ તેનો પણ લાભ લેવા ચુકવાનું નથી.

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧. શ્રી વસુદેવ હિંડિ ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાહતરૂપ આ ગ્રંથ છે. શુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રૂવ સાહેબે આ સભામાં પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથ મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હોય તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. આ ગ્રંથના અભ્યાસ સિવાય લખાયેલ ભારતનો ઇતિહાસ અપૂર્ણ રહેશે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાનો પાસે તૈયાર થાય છે **તેના પ્રકાશન માટે સહાયની જરૂર છે.** કોઇ ભાગ્યશાળી, પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ

( જુઓ અનુસંધાન ટાઇટલ પેજ ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૪૨ મું : આત્મ સં. ૪૮ વિક્રમ સં. ૨૦૦૦ : આસો :
અંક : ૩ જો : વીર સં. ૨૪૭૦ ઈ. સ. ૧૯૪૪ : ઑક્ટોબર :

# नूतन वर्षाभिनंदन.

## सं. २००१ वर्षारंभे प्रभुप्रार्थना.

દોહરા.

બે પર ત્રણ મીંડાં ચઢયે, વરતાવ્યો મહાત્રાસ;
દુનિયા દુઃખભર પ્રાર્થના, કરે પ્રભુની પાસ. ૧

એક મીંડું ઓછું થયું, તે સ્થળ આવ્યો એક;
**भयभंजन** ભગવાન છો, **બિર્દની** રાખો ટેક. ૨

સવૈયા છંદ.

દાવાનળ પ્રગટ્યો પૃથ્વીમાં, ચોગમ વર્તાયો મહાત્રાસ,
રહ્યું ન જાએ, સહ્યું ન જાએ, અગણિત માનવ પામ્યા નાશ;
**रक्षणहारा** નાથ! હવે તો, સદ્ય ધરો કરમાં હથિયાર,
**बे हजार** ને **एक** સાલમાં, વર્તાવો પ્રભુ **जयजयकार**. ૧

ન્હોતું દીઠું, ન્હોતું વાંચ્યું, શ્રવણે પણ ન્હોતું જ સુણેલ,
મહાભયંકર વર્ષ વિતાડયું, ચક્રે આખી પૃથ્વી ચડેલ;
**शरणागतवत्सल** કહેવાઓ, પ્રજાતણો સુણજ્યો પોકાર,
**बे हजार** ને **एक** સાલમાં, વર્તાવો પ્રભુ **जयजयकार**. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કંપે છે કાળજડાં સૌનાં, યુદ્ધતણાં સુણતાં રમખાણ,
મર્ણુ-શર્ણુ લાખો માનવીઓ, **मोंघवारी**ની છે મોંકાણ;
**दुखाब्धितारक** આપ એક છો, આપતણો સૌને આધાર,
**बे हजार ने एक** સાલમાં, વર્તાવો પ્રભુ **जयजयकार**. ૩

**परित्राण** સજ્જનનું કરવું, એ જ આપનો સહજ સ્વભાવ,
**दुष्ट दंड** દઇ ખંડ સમાવો, પ્રગટાવો પરિપૂર્ણ પ્રભાવ;
**दया-क्षमा**ના સાગર છોજી, વરસાવો ખંને આ વાર,
**बे हजार ने एक** સાલમાં, વર્તાવો પ્રભુ **जयजयकार**. ૪

સૃષ્ટિની કષ્ટી નિહાળી, દૃષ્ટિ મીઠી કરો દયાળ,
" હદ થઇ ગઈ છે " હવે દુઃખની, પ્રજાતણા પ્યારા પ્રતિપાળ;
ગદગદ કંઠે, સજળ નયનથી, પ્રાર્થના કરીએ વારંવાર,
**बे हजार ने एक** સાલમાં, વર્તાવો પ્રભુ **जयजयकार**. ૫

મંગળકારી, ભવભયહારી, તારી લ્યો દુઃખમાંથી નાથ !
સકળ સ્થળે સુખશાંતિ પ્રસારો, એ જ માગીએ જોડી. હાથ;
**आत्मानंद सभा** વંદે છે, સ્તુતિતણા કરીને ઉચ્ચાર,
**बे हजार ने एक** સાલમાં, વર્તાવો પ્રભુ **जयजयकार**. ૬

દોહરો.

**एक** અંક આગળ થયો, હવે થશે માંગલ્ય;
દુનિયામાંથી દૂર થશે, સઘળાં દુઃખનાં શલ્ય. ૧

જયમંગળકારી પ્રભુ, સુખસંપત્તિ દાતાર;
શુભ કરજ્યો જન સર્વનું, પ્રાર્થું તમને વારંવાર. ૨

તા. ૨૭-૯-૪૪
વિજયાદશમી

લી૦ શુભચિંતક
**રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " આત્મશુદ્ધિ "

આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી.

સંસારમાં સહુ કોઇ ચોકખી વસ્તુને ચ્હાય છે, ભેળસેળ કોઇને પણ ગમતું નથી. ખાવા-પીવાની વસ્તુઓ ચોકખી જોઇને લે છે, ઘી-દૂધનો વાપરનાર મો માંગ્યું મૂલ્ય આપીને પણ ચોકખું ગ્રહણ કરે છે, ઘરેણાં પહેરનાર ચાંદી-સોનું ચોકખું લઇને ઘરેણાં બનાવરાવે છે. માનવીને ત્યાં સુધી ચોકખાઇ પસંદ છે કે કપડાં પણ મેલાં ગમતા નથી અને શરીરની શુદ્ધિ માટે તો પૂરતી કાળજી રાખે છે. પણ સાચા જ્ઞાનના અભાવથી માનવી શુદ્ધની શુદ્ધિને વીસરી ગયો છે. એટલે અશુદ્ધને શુદ્ધ કરવાના પ્રયત્નમાં અત્યાર સુધી ફાવ્યો નથી, કારણ કે, જડ વસ્તુ અશુદ્ધ સ્વરૂપ છે તે કોઇપણ કાળે શુદ્ધ સ્વભાવ-વાળી થઇ શકતી નથી. પણ પ્રકૃતિથી જ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા વિજાતીય જડ દ્રવ્યના મિશ્ર-ણથી અશુદ્ધ થયો છે તે પોતાની પ્રકૃતિ સ્વરૂપ શુદ્ધિને મેળવી શકે છે, પણ તે તરફ માનવીનું જરાયે લક્ષ્ય નથી. અને જે તરફ લક્ષ્ય છે તે જડ વસ્તુ છે અને જડ વસ્તુને જે અશુદ્ધ માનવામાં આવે છે તે જડના સંસર્ગથી થયેલી હોય છે; માટે અશુદ્ધને અશુદ્ધનો સંયોગ થવાથી વસ્તુ અશુદ્ધ થઇ ન કહેવાય પણ શુદ્ધને અશુદ્ધનો સંયોગ થવાથી અશુદ્ધ બને છે, અને તે પ્રકૃતિથી શુદ્ધ વસ્તુને અશુદ્ધ વસ્તુના સંસ-ર્ગનું પરિણામ છે.

સંસારમાં મૂળ બે જ વસ્તુઓ છે: એક ચૈતન્ય અને બીજી જડ. ચૈતન્ય પ્રકૃતિથી જ શુદ્ધ છે ત્યારે જડ પ્રકૃતિથી અશુદ્ધ છે. ચૈતન્ય ભિન્ન ચૈતન્યના સંસર્ગથી શુદ્ધ જ રહેવાનું અને જડના સંસર્ગથી અશુદ્ધ થવાનું અને જડ ઇતર જડના સંસર્ગથી અશુદ્ધ જ રહે છે, પણ ચૈતન્યના સંસર્ગથી શુદ્ધ બની શકતું નથી. વ્યવહાર દૃષ્ટિથી જડ ચૈતન્યના સંસર્ગથી શુદ્ધ બની શકે છે જેમકે-પરમાત્મદશાને પ્રાપ્ત થયેલા સર્વજ્ઞ પુરુષો તથા અન્ય પણ ઉચ્ચ કોટિના મહાપુરુષોના આત્માનાં સંસર્ગમાં રહેલી દેહાદિ જડ વસ્તુઓ શુદ્ધ કહેવાય છે, તેવી જ રીતે કર્મરૂપ જડના સંસર્ગમાં રહેલો આત્મા પણ શુદ્ધ કહેવાય છે તો પણ પ્રકૃતિમાં પરાવર્તન થતું જ નથી. ગમે તેટલો કાળ જડ તથા ચૈતન્યનો સંસર્ગ કેમ ન બન્યો રહે તો પણ ચૈતન્ય અશુદ્ધ થાય નહીં અને જડ શુદ્ધ થાય નહી. અને જો નૈશ્ચયિક દૃષ્ટિથી પણ અશુદ્ધનું શુદ્ધ અને શુદ્ધનું અશુદ્ધ થઇ જાય તો વસ્તુ પોતાનો સ્વભાવ છોડી દેવાથી પોતાના સ્વરૂપને ખોઇ બેસે છે અને તેમ થવાથી ચૈતન્ય જડ અને જડ ચૈતન્ય થઇ જવાનો સંભવ રહે છે. આત્મા સ્વરૂપથી જ શુદ્ધ હોવાથી સકર્મક હોવા છતાં પણ પ્રકૃતિને લઇને તેને શુદ્ધ વસ્તુ જ ગમે છે, પણ સાચી શુદ્ધિથી અણજાણ હોવાથી સ્વરૂપે અશુદ્ધને પણ શુદ્ધ સમજીને-અશુદ્ધમાં શુદ્ધનો આરોપ કરીને તેનો ઉપયોગ કરે છે અને માને છે કે હું શુદ્ધ વસ્તુ વાપરું છું. પણ જ્યાં સુધી પોતાને ઓળખતો નથી ત્યાં સુધી પોતાની શુદ્ધિ કરી શકતો નથી અને પોતાના આત્માને ઓળખ્યા સિવાય શુદ્ધ જ્ઞાનદર્શનાદિનો ઉપયોગ કરી શકતો નથી. માટે જ માનવીએ પોતાના આત્માને ઓળખી તેની શુદ્ધિ કરવાને પ્રભુશ્રીએ પોતાને ઓળખીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનેલી શુદ્ધિ અને તેને મેળવવા આદરેલા ઉપાયોના અભ્યાસી બનવું જોઇએ.

ક્ષમાશ્રમણ પ્રભુ શ્રી મહાવીરની પરમ પવિત્ર જીવનચર્યા ઉપર દૃષ્ટિપાત કરવાથી શુદ્ધિનું સાચું રહસ્ય સમજાય છે. પ્રભુ શ્રી ક્ષમાના સ્વામી-નાયક હતા. પોતે ક્ષમામય જીવનદ્વારા સંપૂર્ણ શુદ્ધ બનીને શાશ્વતી શાંતિ તથા આનંદ મેળવ્યો અને તેના અભિલાષી જીવોને શુદ્ધ બનવા સાચો માર્ગ દેખાડ્યો. પ્રભુ જીવનના દરેક પ્રસંગમાં પોતાના આત્માની પાસે ક્ષમા યાચવાનું અને અન્ય આત્માઓને ક્ષમા આપવાનું દૃષ્ટિગોચર થાય છે. અને સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરનારને યોગ્ય જ લાગશે કારણ કે આત્મા પાસે ક્ષમા યાચનાર અને પરને ક્ષમા આપનાર નિરપરાધી બની શકે છે અને રહી પણ શકે છે. એટલે તેને પરની પાસે ક્ષમા યાચવાની જરૂરત રહેતી નથી. પ્રભુશ્રી પ્રસંગે પ્રસંગે અપરાધીઓને ક્ષમા આપીને પોતે નિરપરાધી જ રહ્યા છે, કારણ કે અપરાધી બનવાના કારણો જેવાં કે ક્ષુદ્ર સ્વાર્થ, કષાય, મદ કે સત્તાના પોતે સંપૂર્ણ ત્યાગી હતા એટલે તેમને અપરાધીઓને ક્ષમા આપવામાં જરાયે અડચણ આવી નથી. પ્રભુશ્રીયે અપરાધીયોના અપરાધની માફી આપીને એક સાથે બે કાર્ય સાધ્યા છે; એક તો જન્માંતરમાં કરેલા અપરાધોની સજા ભોગવીને નિરપરાધી બન્યા અને બીજું અપરાધીને ક્ષમા આપવાથી પોતે નિરપરાધી રહ્યા. નિરપરાધી જીવનમાં જીવી શુદ્ધ બનવા માટે તો પ્રભુશ્રીએ મહિનાઓ સુધી આહારનો ત્યાગ કર્યો છે અને અપરાધી બનાવનાર મન, વચન અને કાયાના વ્યાપારોનો નિરોધ કર્યો છે, તેમજ અપરાધોને અટકાવવા માટે બાર વરસ સુધી અપ્રમાદી રહીને સંપૂર્ણ શુદ્ધ બનીને કેવળજ્ઞાન મેળવ્યું, એક ક્ષણ પણ પ્રમાદી રહીને અપરાધને અવકાશ આપ્યો જ નથી.

સદા સુખનો ઇચ્છુક સંસારનો યાત્રી આત્મામાં નવજીવન જેવા અત્યુત્તમ તીર્થના પ્રદેશમાં આવીને પણ મૂઢ રહી જાય અને જ્ઞાન-દર્શન સુખ તથા જીવનની શુદ્ધિ માટે વીતરાગ પ્રભુના જીવનનું અનુકરણ ન કરે તો પછી કયા પ્રદેશમાં જઇને કરશે ? કારણ કે સંસારના કોઇ પણ પ્રદેશમાં જ્ઞાનાદિ સર્વ શુદ્ધિનું સ્થળ જ નથી, માટે માનવ જીવનમાં જીવનાર આત્માએ સર્વ શુદ્ધિ માટે ઉપરોકત પ્રમાણે પ્રભુ જીવનના અભ્યાસી બની અનુપાલન કરવાની જરૂરત છે. પ્રભુના ચાલેલાં પંથમાં ચાલ્યા સિવાય આત્મા પોતાની કોઇપણ પ્રકારની શુદ્ધિ કરી શકતો નથી, અને તે સિવાય તો સદા સુખની ઇચ્છા રાખવી પણ નિરર્થક છે.

અશુદ્ધિને લઇને આત્માને અનંતા કાળથી જન્મ મરણ કરવાં પડે છે તે ક્ષમામય જીવનમાં જીવ્યા સિવાય ટળી શકતાં નથી, અને ક્ષમામય જીવન બનાવવા પ્રભુના જીવનનું અનુકરણ કરવું જ જોઇએ. માનવજાતિમાં પ્રભુની ક્ષમાને પોતાની બુદ્ધિથી સુધારીને ઉપયોગમાં લેવાની પદ્ધતિ પડી ગઇ છે, પણ તે વિકૃત થયેલી ક્ષમા આત્મશુદ્ધિ સાચવી શકતી નથી. શુદ્ધિના સાધક આત્માએ તો પોતાના આત્માની પાસે ક્ષમા માંગવી જોઇએ, કારણ કે માનવી પોતાના આત્માનો જેટલો અપરાધી છે તેટલો બીજાનો નથી. મોહની શિખવણીથી સકર્મક આત્મા શુદ્ધાત્માનો અપરાધી બન્યો છે. જો માનવી પોતાના આત્માનો અપરાધ કરતાં અટકે તો બીજા જીવોનો અપરાધી બની શકતો નથી. એટલે તેમની પાસે ક્ષમા માંગવાની પણ જરૂરત રહેતી નથી. ફક્ત અપરાધીયોને ક્ષમા આપવાની જ જરૂરત રહે છે.

શુદ્ધાત્માને જીવવાને કે આનંદ તથા સુખના માટે બીજા જીવોને દુ:ખ આપી અપરાધી બન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની જરાયે જરૂરત નથી; છતાં મોહનો દાસ માનવી અનાદિ કાળના કર્મના સંસર્ગને લઇને અજ્ઞાનતાથી બીજા જીવોની પીડાની અવગણના કરીને આત્માને જીવાડવાને અને આનંદ તથા સુખ મેળવી આપવાને બીજાના પ્રાણ લઇને આત્માનો અપરાધ કરીને પોતે અપરાધી બને છે, જેની સજા કાળાંતરે અથવા તો ભવાંતરે આત્માને ભોગવવી પડે છે. માનવી આત્માના બહાને પોતાના દેહની તુષ્ટિ-પુષ્ટિ માટે અપરાધ કરે છે જેનું ફળ આત્માને અનિચ્છાએ પણ ચાખવું પડે છે. આ પ્રમાણે માનવી પોતાના આત્માનો અપરાધી હોવાથી તેની પાસે પોતાના અનેક જન્મમાં અનેક દેહને આશ્રયીને કરવામાં આવેલા અપરાધોની માફી માંગી ફરીને આત્માનો અપરાધી ન બનવા સાવધાન રહીને જપ-તપ તથા સંયમ તરફ વધારે લક્ષ્ય રાખી પ્રભુની આજ્ઞાનું પાલન કરે તો જન્માંતરમાં કરેલા આત્માના અપરાધોથી મુક્ત થઇને આત્માની શુદ્ધિ સાધી શકે છે, આત્માનો નિરપરાધી બીજા જીવોનો અપરાધી બની શકતો નથી અને અપરાધીયોને ક્ષમા આપીને સંપૂર્ણ શુદ્ધિ મેળવી અકર્મક થઇને શાશ્વતા સુખનો ભોગી થઇ શકે છે.

જે પોતાના આત્માની પાસે માફી માંગે છે તે બીજા જીવોની પાસે શુદ્ધ અંતઃકરણથી માફી માંગવાનો જ; કારણ કે તે સિવાય તો આત્માની પાસે માફી માંગી કહી શકાય જ નહીં; શુદ્ધ અંતઃકરણથી બીજાની પાસે ક્ષમા માંગવી તે જ આત્મ ક્ષમાયાચના અને અન્યને ક્ષમા આપવી તે આત્મની શુદ્ધિ. બીજા પાસેથી ક્ષમા માંગવાને ખમાવું છું એમ મોઢેથી બોલવાની અત્યાવશ્યકતા નથી, કારણ કે જે જીવોની પાસે ક્ષમા માંગવામાં આવે છે તેમાંનો મોટો ભાગ, જોવા, સમજવા, સાંભળવા અને બોલવાના સાધન વગરનો છે એટલે મોઢેથી બોલ્યા વિના પણ સંસારવાસી જીવમાત્રને સ્વ-સ્વરૂપે ઓળખીને સમભાવે સર્વ જીવને ક્ષમા આપવી તે જ આત્મશુદ્ધિનું કારણ ક્ષમાયાચના છે. સમજવા, બોલવાના સાધનસંપન્ન જીવ પાસે બોલીને ક્ષમા માંગવામાં આવે તો તે કદાચ વિરોધ ટાળી ક્ષમા આપે અને અપરાધની સજા ભોગવવામાં નિમિત્ત ન પણ બને તો પણ બીજાનો અપરાધ કરતી વખતે કાયિક, વાચિક તથા માનસિક પ્રવૃત્તિ કરવામાં જે અશુભ અધ્યવસાયો થાય છે અને કર્મ બંધાય છે તેની શુદ્ધિ બીજાએ આપેલી ક્ષમા માત્રથી થતી નથી. બીજાની આપેલી ક્ષમાથી તો માત્ર વેરની શુદ્ધિ થાય છે, પણ કર્મની શુદ્ધિ માટે જપ-તપ કરવાની અને અપરાધીયોને ક્ષમા આપવાની જરૂરત રહે છે. શ્રી મહાવીર પ્રભુની આત્મશુદ્ધિની ચર્ચાની પ્રણાલિકા પણ આવી જ સમજાય છે. પ્રભુશ્રીયે ઉપસર્ગો-પરિસહો સહન કર્યાં છે અને તપ પણ કર્યું છે. અર્થાત્ અપરાધીયોને ઉપકારી સમજી ક્ષમા આપી છે અને મહિનાઓ સુધી આહારાદિના પણ ત્યાગી રહ્યા છે. આ બંને ઉપાયોથી પ્રભુશ્રી સંપૂર્ણ આત્મશુદ્ધિ સાધી શક્યા છે, માટે આત્મશુદ્ધિના સાધકે જપ-તપ દ્વારા સ્વાધીનપણે અપરાધોથી મુક્ત થવું અને અપરાધોથી મુક્ત કરવા કોઇ પણ પ્રાણી નિમિત્તભૂત બને તો તેને અપરાધી માનવો નહીં પણ ઉપકારી માની તેના અપરાધની ક્ષમા આપવી અને સંપૂર્ણ શુદ્ધિ સાધી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अनन्तलब्धिनिधानाय-श्रीमते गौतमगणधराय नमो नमः ॥

# ગુણસ્થાનવિચારણા

## આત્મોન્નતિનો અનુક્રમ.

લેખકઃ–શાસનપ્રભાવક પૂજ્યપ્રવર આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વર પ્રશિષ્ય
પં. શ્રીમાન્ ધર્મવિજયજી મહારાજ.

**અ**નન્તજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતોએ ધર્માસ્તિકાય વિગેરે છ *દ્રવ્યોનું જે નિરૂપણ કરેલ છે તે છએ દ્રવ્યોમાં કોઈ ને કોઇ ગુણ અવશ્ય રહેલો જ હોય છે. કોઇ પણ દ્રવ્ય વાસ્તવિક રીતે ગુણ અને પર્યાય વિનાનું હોઇ શકતું જ નથી. અને તેથી જ વાચકશેખર ભગવાન્ **ઉમાસ્વાતિ** મહારાજાએ તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ‘દ્રવ્ય’નું લક્ષણ વર્ણવતાં ‘**गुणपर्यायवद् द्रव्यम्**’ [ તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૫, સૂત્ર ૩૮ મું ] એ સૂત્રની વ્યાખ્યા મુજબ ગુણ અને પર્યાયયુક્ત જે કોઇ ભાવ હોય તે દ્રવ્ય હોય એમ પ્રતિપાદન કર્યું છે અર્થાત્ કોઇ પણ દ્રવ્ય ગુણ રહિત હોતું જ નથી.

### છએ દ્રવ્યનાં મુખ્ય મુખ્ય ગુણો.

એક દ્રવ્યમાં એક જ ગુણ હોય એવું પણ નથી. એક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન અનેક ગુણો રહેલા હોય છે અને જે દ્રવ્યના જે ગુણો હોય તે ગુણો તે દ્રવ્યમાંથી કોઇપણ કાળે અલગ થતા જ નથી; એક સરખા સ્વરૂપે અથવા ન્યૂનાધિકપણે તે ગુણો તે દ્રવ્યમાં કાયમ–અનાદિ અનંતકાળ પર્યંત રહે છે. જેમકે ધર્માસ્તિકાય દ્રવ્યનો મુખ્ય ગુણ ગતિ પરિણામે પરિણમેલા જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાય આપવી, અધર્માસ્તિકાય દ્રવ્યનો મુખ્ય ગુણ સ્થિતિપરિણામે પરિણત જીવો અને પુદ્ગલોને સ્થિતિમાં સહાય આપવી, આકાશાસ્તિકાય-દ્રવ્યનો ગુણ અસંખ્ય આકાશપ્રદેશ જેટલા ક્ષેત્રમાં અનંતાનંત દ્રવ્યોનો સમાવેશ કરવો, પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનો ગુણ પુષ્ટ થવું અને ગળવું અથવા વર્ણ, ગન્ધ, રસ તથા સ્પર્શને ધારણ કરવા, કાળ દ્રવ્યનો ગુણ નવું, જૂનું, નાનું, મોટું ઇત્યાદિ પર્યાયો–અવસ્થાઓ ઉત્પન્ન કરવી, તે પ્રમાણે જીવ દ્રવ્યનો ગુણ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને અકરણ વીર્યને ધારણ કરવું તે છે.

અહિં જે દ્રવ્યના જે ગુણો ઉપર જણાવ્યા તે ગુણો સિવાય બીજા કોઇ પણ ગુણો તે દ્રવ્યોમાં ન જ હોય તેમ સમજવાનું નથી. ધર્માસ્તિકાયમાં જેમ ગતિસહાયકપણાનો ગુણ જણાવ્યો તે પ્રમાણે અમૂર્ત્તપણું, અગુરૂલઘુપણું ઇત્યાદિ બીજા પણ અનેક ગુણો રહેલાં છે. અધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો માટે પણ તે જ પ્રમાણે સમજવું. ફક્ત અહિં એટલો અવશ્ય ખ્યાલ રાખવાનો છે કે,—ગતિસહાયકપણું, સ્થિતિસહાયકપણું વિગેરે જે જે ગુણો જે જે દ્રવ્યના જણાવ્યા છે તે તે ગુણો તે તે દ્રવ્યમાં

* ધર્માસ્તિકાય ૧, અધર્માસ્તિકાય ૨, આકાશાસ્તિકાય ૩, પુદ્ગલાસ્તિકાય ૪, જીવાસ્તિકાય ૫ અને કાલ ૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે, જ્યારે અમૂર્ત્તપણું, અગુરૂલઘુપણું ઇત્યાદિ કેટલાંક ગુણો એવાં છે કે, જેમ ધર્માસ્તિકાયમાં તે ગુણો રહેલા હોય, તે પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય વિગેરે દ્રવ્યોમાં પણ રહેલા હોય છે.

## સ્વપરપર્યાયની સંક્ષિપ્ત વ્યાખ્યા.

દ્રવ્યોમાં ઉપર જણાવ્યા મુજબ જેમ ભિન્ન ભિન્ન ગુણો છે તે પ્રમાણે તે દ્રવ્યોમાં **'પર્યાય'** પણ અવશ્ય હોય છે, પર્યાય એટલે શું ? એ વસ્તુ કદાચ કોઇને ન સમજવામાં આવે તો તે માટે ટૂંકમાં એટલું જ સમજવું બસ છે કે–તે તે દ્રવ્યોની જે ભિન્ન ભિન્ન અવસ્થા તે અવસ્થાનું નામ જૈન દર્શનમાં 'પર્યાય' કહેવામાં આવે છે. તે તે દ્રવ્યોમાં પોતાના ગુણ, આકૃતિ, કાળ વિગેરેની અપેક્ષાએ જે ભિન્ન ભિન્ન અવસ્થાઓ થયા કરે છે તે અવસ્થાઓને તે તે દ્રવ્યના **'સ્વપર્યાય'*** કહેવાય, અને અમુક દ્રવ્યમાં અન્ય દ્રવ્ય–ગુણ વિગેરેની અપેક્ષાએ જુદી જુદી અવસ્થાઓની કલ્પના કરવામાં આવે તે દ્રવ્યની તે અવસ્થાઓને **'પરપર્યાય'** કહેવાય. કહેવાનું તાત્પર્ય એ છે કે વિશ્વના સમગ્ર દ્રવ્યો વર્તમાનમાં જે અવસ્થામાં (જે પર્યાયસ્વરૂપે) વર્તતા હોય તે જ સ્વરૂપે કાયમ રહેતાં નથી, કોઈ ને કોઇ અપેક્ષાએ તેમાં પરાવર્તન થયા જ કરે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ દ્રવ્યોમાં જો કે અનંતા સ્વપર્યાય–પરપર્યાય અવશ્ય હોય છે છતાં તેનો એકદમ આપણને સ્પષ્ટ[1] ખ્યાલ આવી શકતો નથી, તે ત્રણેય દ્રવ્યો અમૂર્ત્ત–અરૂપી છે, એટલે છદ્મસ્થ આત્માઓને તે ત્રણ દ્રવ્યના પર્યાયનું પ્રત્યક્ષ જ્ઞાન ન થઇ શકે, ફક્ત શાસ્ત્ર સિદ્ધાન્તો દ્વારા તે ત્રણેય દ્રવ્યોમાં કેવી રીતે સ્વપર્યાય–પરપર્યાયની ઘટના થઇ શકે છે તેનું જાણપણું થઇ શકે છે. જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એ બન્ને દ્રવ્યોમાં સ્વપર્યાય–પરપર્યાય સ્પષ્ટરીતિએ અનુભવગમ્ય થઇ શકે છે. જો કે જીવાસ્તિકાયનું દ્રવ્યનયની અપેક્ષાએ શુદ્ધ સ્વરૂપ વિચારવામાં આવે તો તે દ્રવ્ય પણ ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાયની માફક અમૂર્ત–અરૂપી દ્રવ્ય છે, પરંતુ પર્યાય નયની અપેક્ષાએ કર્મના સંબંધથી વર્તમાનમાં તે જીવાસ્તિકાય દ્રવ્યનો સંસારી પર્યાય હોવાથી સંસારી આત્માને મૂર્ત્ત–રૂપીની ગણતરીમાં પણ ગણવામાં આવ્યા છે, અને તેથી તેમાં સ્વપર્યાય પરપર્યાયનો બરાબર સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે કર્મથી રહિત થઈને મોક્ષે ગયેલા સિદ્ધ ભગવંતોમાં (શુદ્ધ જીવોમાં) સ્વપર્યાય–પરપર્યાય નથી અથવા ખ્યાલમાં આવી શકતા નથી. સિદ્ધાત્માઓમાં પણ સ્વ–પરપર્યાયો અવશ્ય હોય જ છે. અને તે કેવી રીતે હોય છે ? તે પ્રસંગોપાત અમો અવસરે સ્પષ્ટ કરશું. વર્તમાનમાં તો સંસારી જીવોના ગુણસ્થાનોની વિચારણા માટે આ પ્રયાસ હોવાથી અને તેમાં સ્વ-પરપર્યાયો ઉપયોગી હોવાથી તે બાબતનો જ મુખ્યત્વે વિચાર કરવાનો છે.

## આત્મદ્રવ્યમાં સ્વ–પર–પર્યાયની ઘટના.

સર્વ સંસારી આત્માઓમાં શક્તિરૂપે અનંતજ્ઞાન--અનંતદર્શન--અનંત ચારિત્રાદિ ગુણો રહેલા છે, છતાં કર્મદ્રવ્યના તથાપ્રકારના ક્ષીરનીર જેવા સંબંધથી આત્માના એ જ્ઞાનાદિ ગુણોમાં અનેક વ્યક્તિઓની અપેક્ષાએ ભિન્નતા જોવામાં આવે છે. એક વ્યક્તિને પણ જ્ઞાન–દર્શનાદિ ગુણોની જે લબ્ધિ હોય છે તે જ લબ્ધિઓ કાયમ એક સરખા પ્રમાણમાં નથી રહેતી, તેમાં પણ તીવ્ર,તીવ્રતરપણું, મંદ–મંદ-

---

* સ્વપર્યાયને અસ્તિપર્યાય અને પરપર્યાયને નાસ્તિપર્યાય શબ્દોથી પણ બોલવામાં આવે છે.

૧. ઘટાકાશ મહાકાશ ઈત્યાદિ સ્વપર્યાયો જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરપણું થતું હોય તેમ અનુભવાય છે. જે વખતે જ્ઞાનાવરણીયાદિ કર્મોનો જેવો ક્ષયોપશમ હોય તે પ્રમાણે જ્ઞાનાદિ ગુણોમાં તરતમતા થયા કરે છે. આત્માના જ્ઞાનાદિ ગુણોની જે તરતમતા તે પણ આત્માના ભિન્નભિન્ન પર્યાયો કહેવાય છે. એટલું જ નહિં પણ જે વખતે આત્મા-ઘટ-પટાદિ પદાર્થોના ઉપયોગવાળો તે વખતે આત્મા તે પર્યાયવિશિષ્ટ ગણાય, એ જ આત્મા ઘટ-પટાદિના ઉપયોગમાંથી નીકળી પુસ્તક વિગેરે અન્ય કોઇ પદાર્થોના ઉપયોગમાં દાખલ થયો તે વખતે તે પર્યાયવિશિષ્ટ આત્મા ગણાય. વર્ત્તમાનમાં મનુષ્યપણે ઉત્પન્ન થયેલ આત્મા મનુષ્ય પર્યાયવાળો ગણાય, એનો એ જ આત્મા મનુષ્યનું આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ઉત્પન્ન થયો એટલે દેવપર્યાયવાળો ગણાય. આ પ્રમાણે ઘાતિકર્મના ઉદયની અપેક્ષાએ કે અઘાતિકર્મના ઉદયની અપેક્ષાએ જે ભિન્ન ભિન્ન અવસ્થાઓ આત્મામાં થયા કરે છે તે બધી આત્માના સ્વપર્યાયો ( અથવા અસ્તિપર્યાયો ) કહેવાય. એ સિવાય બીજા પણ ઘણા સ્વપર્યાયના કારણો છે, પરંતુ વિસ્તાર થવાના ભયથી અહિં તેનું વર્ણન કરવામાં આવેલ નથી.

આત્મા ઘટ નથી, આત્મા પટ નથી, આત્મા પુદ્ગલ નથી, એમ આત્મા સિવાય લોકાલોકવર્ત્તી સર્વ પદાર્થોથી આત્માની જે ભિન્નતા માનવી તે આત્માના પરપર્યાય ( કિંવા નાસ્તિ-પર્યાય ) ગણાય છે. એક આત્મદ્રવ્યમાં ઉપર જણાવ્યા પ્રમાણે સ્વપરપર્યાયનું સ્વરૂપ જો વિચારવામાં આવશે તો દરેક દ્રવ્યના સ્વપર-પર્યાયોનું સ્વરૂપ પણ અવશ્ય ખ્યાલમાં આવવા સંભવ છે. તાત્પર્ય એ છે કે-પ્રત્યેક દ્રવ્યના સ્વપર્યાયો તેમજ પરપર્યાયો અનંત અનંત છે, અને પ્રત્યેક સમયે કોઇ કોઇ અપેક્ષાએ પર્યાયોનું પલટન થયા જ કરે છે.

સંસારી પ્રત્યેક આત્માઓમાં ઘાતિકર્મના ઉદયની અપેક્ષાએ જ્ઞાનાદિ ગુણોનું તારતમ્ય છે. એ બાબત સિદ્ધ કર્યા સિવાય ગુણસ્થાન સંબંધી વિચારણા કરવી લગભગ અસંભવિત હોવાથી દ્રવ્ય-ગુણ અને પર્યાયની ઘણી જ સંક્ષિપ્ત રૂપરેખા જણાવીને હવે **'ગુણસ્થાન'** એટલે શું તે બાબત વિચારણા કરીએ.

## પુદ્ગલના ગુણોમાં સમતા-વિષમતા.

ઉપર જણાવેલ છે કે પ્રત્યેક દ્રવ્યોમાં કોઇ ને કોઇ ગુણો અવશ્ય હોય છે. અન્યાન્ય ઉપાધિના સંબંધથી તે તે દ્રવ્યના તે તે ગુણોમાં એકસરખી સમાનતા જ નથી હોતી. જગતમાં શુકલવર્ણવાળા અનેક પુદ્ગલ દ્રવ્યો પૈકી કેટલાક પુદ્ગલ દ્રવ્યો સમાન શુકલ વર્ણવાળા હોય છે, કેટલાંક પુદ્ગલ દ્રવ્યોનો શુકલ વર્ણ છતાં શુકલ શુકલમાં પણ વિષમતા હોય છે. દૃષ્ટાંત તરીકે-ખડી પણ સફેદ છે અને ચોક પણ સફેદ છે; પરંતુ બન્નેની શુકલતામાં યત્કિંચિત વિષમતા તો છે જ. એ જ પ્રમાણે શેરડી, સાકર કે દ્રાક્ષ વિગેરે પદાર્થોમાં મધુર રસ છે, પરંતુ મધુરતા-મધુરતામાં જેમ તફાવત હોય છે તે પ્રમાણે પ્રત્યેક સંસારી આત્માઓમાં જ્ઞાન-દર્શનાદિ ગુણો તો યદ્યપિ છે, પણ કર્મની ઉપાધિને અંગે કોઇ કોઇ આત્માઓમાં જ્ઞાનાદિ ગુણોની સમાનતા પ્રાય: હોય છે, જ્યારે કોઇ કોઇ આત્માઓમાં એ જ્ઞાનાદિ ગુણોની વિષમતા પણ હોય છે.

## આત્મા-કર્મ અને એ ઉભયના સંબંધનું અનાદિપણું.

પ્રત્યેક આત્મામાં શક્તિરૂપે જ્ઞાનાદિ ગુણો અનંત અનંત કોટિના અને એક સરખી સમાનતાવાળા છતાં એ જ્ઞાનાદિ ગુણોની અલ્પતા થવામાં તેમજ પરસ્પર વિષમતા થવાનું શું કારણ છે? તે બાબત વિચારવી પણ અતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अरिहंतचेइआणंના કાયોત્સર્ગમાં....
# ....આવતા શ્રદ્ધાદિ પાંચ ગુણો.

લેખક-**મુનિરાજશ્રી પુણ્યવિજયજી.**

દેવવંદન, ચૈત્યવંદન અને પ્રતિક્રમણાદિ ક્રિયામાં બોલવામાં આવતા અરિહંતચેઈઆણું-ના કાઉસ્સગ્ગમાં " **सद्धाए, मेहाए, धीइए, धारणाए, अणुप्पेहाए** " એ પાંચ ગુણો જે આવે છે, તેનું વિવેચન દેવદર્શન નામક ગ્રન્થ-રત્નની કરેલ નોટમાંથી સમજવા યોગ્ય ઉપ-યોગી ધારી આ નીચે આપવામાં આવે છે.

૧ **सद्धाए**-શ્રદ્ધાવડે. શ્રદ્ધા એ મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી જન્ય ચિત્તની નિજ અભિલાષારૂપ એક પ્રકારની પ્રસન્નતા છે. આ શ્રદ્ધા જીવાદિ તાત્ત્વિક પદાર્થને અનુ-સરનારી, ભ્રાંતિનો નાશ કરનારી તથા કર્મફળ કર્મસંબંધ અને કર્મના અસ્તિત્વની સમ્યક્ પ્રતીતિ કરાવનારી છે. શાસ્ત્રમાં એને ' ઉદક-પ્રસાદકમણિ ' ની ઉપમા આપવામાં આવી છે. સરોવરમાં નાંખેલ ' ઉદકપ્રસાદકમણિ ' જેમ પંકાદિ કાલુષ્યને દૂર કરી સ્વચ્છતાને પમાડે છે, તેમ શ્રદ્ધામણિ પણ ચિત્તરૂપી સરોવરમાં રહેલ સંશય-વિપર્યયાદિ કાલુષ્યને દૂર કરી ભગવાન્ અરિહંતપ્રણીત માર્ગ ઉપર સમ્યગ્ ભાવ ઉત્પન્ન કરે છે.

૨ **मेहाए**-મેધાવડે. મેધા એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ગ્રન્થગ્રહણ પટુ પરિણામ-એક પ્રકારનો સદ્ગ્રન્થમાં પ્રવૃત્તિ કરાવનારો પરિણામ છે. પાપશ્રુતની અવજ્ઞા કરાવનારો તથા ગુરુ વિનયાદિ વિધિમાં જોડ-નારો ચિત્તનો ધર્મ છે. શાસ્ત્રમાં એને ' આતુર ઔષધાપ્તિ-ઉપાદેયતા ' ની ઉપમા આપવામાં આવી છે. જેમ કોઇ બુદ્ધિમાન રોગીને ઉત્તમ ઔષધની પ્રાપ્તિ થાય અને તેના વિશિષ્ટ ફલનો અનુભવ થાય, ત્યારે અન્ય સર્વ વસ્તુને દૂર કરી તેના ઉપર જ તેને મહાન ઉપાદેય ભાવ

---

આવશ્યક છે. જૈન દર્શનના મંતવ્ય પ્રમાણે આત્મા અનાદિ છે, કર્મ પણ અનાદિ છે. અને આત્મા તેમજ કર્મનો સંબંધ પણ અનાદિ છે. જેમ ઇંડું પ્રથમ કે કુકડી પ્રથમ ? પહેલું બીજ કે પહેલું વૃક્ષ ? પહેલો દિવસ કે પહેલી રાત્રિ ? ઇત્યાદિ પ્રશ્નોમાં ઇંડાને અથવા કુકડીને, બીજ કિંવા વૃક્ષને તેમજ દિવસ અથવા રાત્રિને સર્વથા પ્રથમ કહી શકાય તેમ નથી. આત્માને જો સર્વથા પ્રથમ માનવામાં આવે તો કર્મ વિનાનો આત્મા હતો એ બાબત સિદ્ધ થાય, અને કર્મ વિનાનો આત્મા હતો એ બાબત જો નક્કી થઈ તો કર્મ રહિત શુદ્ધ આત્માને કર્મનો સંબંધ લાગવાનું પ્રયોજન શું ? કર્મરહિત શુદ્ધ આત્માને પણ માનો કે કર્મનો સંબંધ લાગતો હોય તો જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરી, વિવિધ અનુષ્ઠાનોની સેવના કરી, તપશ્ચર્યા વિગેરે કષ્ટોને સહન કરી મોક્ષ પ્રાપ્ત કરવાના પ્રયાસની સફલતા શી ? આ પ્રમાણે અનેક તર્કવિતર્કોની પરં-પરાનો જન્મ થવાના સંભવથી યુક્તિદ્વારા તેમજ શાસ્ત્રદૃષ્ટિએ વિચારવામાં આવે તો આત્મા અનાદિ છે અને આત્મા તથા કર્મનો સંબંધ પણ અનાદિ છે આ બાબત બરાબર સિદ્ધ છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ગ્રહણ કરવાનો આદર રહે છે તેમ મેધાવી પુરુષોને પોતાની મેધા( બુદ્ધિ )ના સામર્થ્યથી સદ્ગ્રન્થને વિષે જ અત્યંત ઉપાદેયભાવ અને ગ્રહણાદર રહે છે. પણ બીજા ઉપર રહેતો નથી કારણ કે સદ્ગ્રન્થોને તેઓ ભાવ ઔષધરૂપ માને છે.

૩ **धीइए**—ધૃતિવડે. ધૃતિ, એ મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થતી વિશિષ્ટ પ્રીતિ છે. અવન્ધ્ય કલ્યાણના કારણભૂત વસ્તુની પ્રાપ્તિના દષ્ટાંતવડે આ પ્રીતિ દીનતા અને ઉત્સુકતાથી રહિત તથા ધીર અને ગંભીર આશયરૂપ હોય છે. શાસ્ત્રમાં એને 'દૌર્ગત્યથી હણાએલાને ચિન્તામણિની પ્રાપ્તિ' ની ઉપમા આપવામાં આવી છે. જેમ દૌર્ગત્ય–દરિદ્રતાથી ઉપહત થયેલાને ચિન્તામણિ રત્નની પ્રાપ્તિ થાય અને તેના ગુણ માલૂમ પડે ત્યારે '**गतमिदानीं दौर्गत्यं**' હવે દરિદ્રપણું ગયું " એ જાતની માનસિક ધૃતિ–સંતોષ ઉત્પન્ન થાય છે, તેમ જિનધર્મરૂપી ચિન્તામણિ રત્નની પ્રાપ્તિ થવાથી અને તેનો મહિમા માલૂમ પડવાથી '**क इदानीं संसारः**' હવે સંસાર કોણ માત્ર છે? એ જાતની દુઃખની ચિન્તાથી રહિત માનસિક લાગણી ઉત્પન્ન થાય છે.

૪ **धारणाए**—ધારણાવડે. ધારણા એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી, પ્રસ્તુત એક વસ્તુને વિષય કરનારી તથા અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપ ભેદવાળી ચિત્તપરિણતિ છે. શાસ્ત્રમાં એને 'સાચા મોતીની માલાને પરોવવા'ના દષ્ટાંતની સાથે સરખાવી છે. તેવા પ્રકારના ઉપયોગની દૃઢતાથી તથા યથાયોગ્ય અવિક્ષિપ્તપણે સ્થાનાદિ યોગમાં પ્રવૃત્ત થવાથી યોગરૂપી ગુણની માલા નિષ્પન્ન થાય છે.

૫ **अणुप्पेहाए**—અનુપ્રેક્ષાવડે. અનુપ્રેક્ષા એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો અનુભૂત અર્થના અભ્યાસનો એક પ્રકાર, પરમ સંવેગનો હેતુ, ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રતીતિ કરાવનાર: કેવલજ્ઞાનની સન્મુખ લઈ જનારો ચિત્તનો ધર્મ છે. શાસ્ત્રમાં એને 'રત્નશોધક અનલ'ની ઉપમા આપવામાં આવી છે. રત્નને પ્રાપ્ત થયેલો રત્નશોધક અનલ–અગ્નિ જેમ રત્નના મલને બાળી નાંખી શુદ્ધિ પેદા કરે છે, તેમ આત્મરત્નને પ્રાપ્ત થયેલો અનુપ્રેક્ષારૂપી અનલ કર્મમલને બાળી નાંખી કૈવલ્યને પેદા કરે છે; કારણ કે તેનો તેવો સ્વભાવ જ છે.

## અરિહંતચેઇઆણં નું સળંગ સૂત્રપદ.

'**अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं–वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए सम्माणवत्तियाए बोहिलाभवत्तियाए निरुवसग्गवत्तियाए, सद्धाए मेहाए धीइए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं।**'

**અર્થ**—'અરિહંતોના પ્રતિમા લક્ષણ ચૈત્યોને વન્દનાદિ કરવા માટે કાયોત્સર્ગ કરું છું. વન્દન નિમિત્તે–વન્દન એટલે મન વચન કાયાથી પ્રશસ્ત, પ્રવૃત્તિ, ( કાયોત્સર્ગથી જ મને વન્દનનું ફળ કેવી રીતે મળે ? એમ સર્વત્ર સમજી લેવું ) પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, બોધિલાભ નિમિત્તે, નિરુપસર્ગ–મોક્ષ નિમિત્તે, વધતી એવી શ્રદ્ધાવડે, મેધાવડે, ધૃતિવડે, ધારણાવડે અને પ્રેક્ષાવડે કાયોત્સર્ગમાં સ્થિત રહું છું.'

વધતી કિન્તુ અવસ્થિત નહિ. વધતી શ્રદ્ધા, વધતી મેધા, વધતી ધૃતિ, વધતી ધારણા અને વધતી અનુપ્રેક્ષા.

શ્રદ્ધાથી રહિત આત્માને કાયોત્સર્ગ કરવા છતાં અભિલષિત અર્થની સિદ્ધિ માટે થતો નથી માટે **सद्धाए** ઇત્યાદિ પદો કહેલા છે.

આ રીતે ભગવાન અરિહંતોની પ્રતિમાને વન્દનાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની ચી—

# યોગની અદ્ભુત શક્તિ

(ગત વર્ષના પૃષ્ઠ ૨૧૨ થી શરૂ). મૂળ લેખક: **સ્વ૦ બાબુ ચંપતરાયજી જૈની;** બાર-એટ-લૉ.

જ્ઞાનયોગ એ જ આત્મસાક્ષાત્કારનો સત્ય માર્ગ છે. જ્ઞાનયોગથી જ પરમાત્માનું સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. સત્ય જ્ઞાનથી આશંકાઓનો સર્વથા વિચ્છેદ થાય છે અને શ્રદ્ધાતિરેકનો પ્રાદુર્ભાવ થાય છે. શિક્ષિત જનતાને સામાન્ય રીતે રાજયોગ અને જ્ઞાનયોગ માફક આવે છે. અશિક્ષિત જનતાને જ્ઞાનયોગ કે ભક્તિયોગ પ્રત્યે સમય આદિને અભાવે સામાન્ય રીતે રુચિ થતી નથી. અશિક્ષિત મનુષ્યોને તીવ્ર તપસ્યા કે ચિત્ત સંયમયુક્ત રાજયોગ કેટલીક વાર સામાન્યત: રુચિકર થઇ પડે છે. કેટલાક સ્ત્રી-પુરુષોને ભક્તિયોગ જ પસંદ પડે છે.

યોગનું વર્ગીકરણ કોઇ રીતે વૈજ્ઞાનિક હોય એમ નથી જણાતું. આમ છતાં દરેક યોગ જૂદા જૂદા મનુષ્યોની ભિન્ન ભિન્ન પ્રકૃતિને અનુરૂપ છે; એમાં કંઇ શંકા નથી. યોગની પદ્ધત્તિ વૈજ્ઞાનિક જ હોય તો તેના ચારને બદલે વસ્તુત: એક જ પ્રકાર સંભવી શકે. એ એક પ્રકાર દરેક મનુષ્યને અનુકૂળ આવે કે ન પણ આવે. જૂદી જૂદી પ્રકૃત્તિઓને અનુકૂળ આવે તે માટે વૈજ્ઞાનિક માર્ગ કે વૈજ્ઞાનિક રીતિમાં અનેકતા સંભવતી નથી, એવી રીતે અનેકતા થાય તો કોઇ મનુષ્યને કશોયે લાભ ન થાય. એવી રીતે મનુષ્યની બુદ્ધિ કે શક્તિમાં કોઇ પણ પ્રકારનો વિકાસ પણ નથી થતો.

યોગના નિયમો સૈનિકોની તાલીમના નિયમો જેવા જ સખત છે. સૈનિકોના નિયમોમાં કોઇ સૈનિકની વ્યક્તિગત ઇચ્છાથી પરિવર્ત્તન નથી થઇ શકતું, તે જ પ્રમાણે યોગના નિયમોનું સમજવું. જો નિયમોમાં પરિવર્ત્તન થાય તો તે વિઘાતક થઇ પડે છે. શક્તિ આદિના વિકાસને બદલે તેથી ઊલટાં જ પરિણામો આવે છે.

યોગના પ્રકારો કૃત્રિમ હોવા છતાં વિવિધ ધર્મોના સિદ્ધાન્તોનો તુલનાત્મક અભ્યાસ તેથી થઇ શકે છે. આત્મસાક્ષાત્કારના સંબંધમાં ભિન્ન-ભિન્ન ધર્મોના મંતવ્યોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે.

---

આ શ્રદ્ધાદિ પાંચ ગુણો અપૂર્વકરણ નામની મહાસમાધિના બીજ છે. તેના પરિપાક અને અતિશયથી અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે. કુતર્કોથી ઉત્પન્ન થતા મિથ્યા વિકલ્પોને દૂર કરી શ્રવણ, પઠન, પ્રતિપત્તિ, ઇચ્છા અને પ્રવૃત્તિમાં જોડાવું, એ એનો પરિપાક છે. તથા સ્થૈર્ય અને સિદ્ધિ પ્રાપ્ત કરવી, એ એનો અતિશય છે. શ્રદ્ધાદિ ગુણોના પરિપાક અને અતિશયથી પ્રધાન પરોપકારના હેતુભૂત 'અપૂર્વકરણ' નામના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

લાભનો ક્રમ પણ એ રીતે જ છે, શ્રદ્ધાથી મેધા, મેધાથી ધૃતિ, ધૃતિથી ધારણા અને ધારણાથી અનુપ્રેક્ષા તથા વૃદ્ધિનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાની વૃદ્ધિથી મેધાની વૃદ્ધિ, મેધાની વૃદ્ધિથી ધૃતિની વૃદ્ધિ, ધૃતિની વૃદ્ધિથી ધારણાની વૃદ્ધિ અને ધારણાની વૃદ્ધિથી અનુપ્રેક્ષાની વૃદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક પ્રકારના યોગમાં એકાગ્રતાનું સાધન ભિન્નભિન્ન હોય છે. જ્ઞાનયોગી આત્માનું જ એકાગ્ર ચિત્તે ધ્યાન ધરે છે. સમાધિદશાની પ્રાપ્તિ એ રાજયોગીને ઉદ્દેશ હોય છે. સમાધિ એટલે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાને ચિત્તની શુદ્ધિયુક્ત દશા. સમાધિસ્થ પુરુષને વાસનાના શકય લોપને કારણે, અપૂર્વ આનંદ થયા કરે છે. ભક્તિયોગીને પ્રભુ પ્રત્યે નિરતિશય અને અભેદ્ય પ્રેમ હોય છે અને એ રીતે તે એકાગ્ર ચિત્ત બને છે.* હઠયોગી કઠોર તપશ્ચરણ કરે છે અને ચિત્ત-સંયમ એ તેનું પ્રધાન ધ્યેય હોય છે. ચિત્ત-સંયમની પ્રાપ્તિ નિમિત્તે તે એકાગ્ર ધ્યાનમય બની રહે છે. યોગના આ પ્રમાણે ભિન્નભિન્ન પ્રકારો હોવા છતાં, આત્મા સાથે પરમાત્માનું સાયુજ્ય અર્થાત્ પરમાત્મા સાથે એકતા એ સર્વનું એક જ ધ્યેય છે. સચ્ચિદાનંદ પદની પ્રાપ્તિ એ યોગના સર્વ પ્રકારોનું એક જ રહસ્ય છે.

કેટલાક મનુષ્યોને યોગ આદિ નિમિત્તે ધર્મધ્યાનમાં નિમગ્ન થવું એ દુર્ઘટ લાગે છે. આથી તેઓ એકાગ્રચિત્તે થતાં ધર્મધ્યાનમાં અનેક પ્રકારના દોષ કાઢે છે. વસ્તુતઃ વિચાર કરતાં, એકાગ્રતાની પ્રાપ્તિમાં ચિત્તને કશોયે દોષ નથી હોતો. જો કંઇ દોષ હોય તો તે વિચારોના સંસર્ગજન્ય છે એમ જ કહી શકાય. ચિત્ત એક કાળે એક જ વિચાર કરી શકે છે. આથી એકાગ્રતા એ ચિત્તને કોઇ રીતે પ્રતિકૂળ ન હોઇ શકે. ચિત્તમાં એકાગ્રતાની શક્તિને અભાવ કદાપિ ન હોય. યોગ્ય સંસર્ગને અભાવે જ એકાગ્રતામાં અંતરાય નડે છે.

* કોઇ સ્ત્રીમાં આસક્ત થયેલો મનુષ્ય પોતાને સર્વ પ્રેમ તે સ્ત્રીને અર્પણ કરે છે તેમ ભક્તયોગીની સર્વ પ્રેમ-શક્તિ અનાયાસે પ્રભુ ઉપર જ એકાગ્ર બને છે. ભક્તયોગી પ્રભુને પોતાનો પ્રેમ સમર્પિત કરી દે છે. —વિવેકાનંદ.

વિવિધ ભાવોના સંસર્ગથી એકાગ્રધ્યાનનું બિન્દુ નિશ્ચિત બને છે. એ ભાવોથી ચિત્ત સામાન્ય રીતે એકાગ્ર બને છે. ચિત્ત કોઇ સાધ્ય વસ્તુના ધ્યાનમાં એકાગ્ર થાય છે. દા. ત. કોઇ મનુષ્ય વ્યાપારી હોય તો તેને પોતાની વ્યાપાર વિષયક બાબતોમાં ઘણો રસ પડે છે. વ્યાપારની જે તે બાબત ઉપર તેનું ચિત્ત એકાગ્ર થઇ શકે છે. એ જ વ્યાપારીથી સામાન્ય રીતે બીજા વ્યાપારીને લગતી બાબતોમાં માથું નથી મારી શકાતું. બીજા વ્યાપારીના કોઇપણ વિષયમાં તેનું ચિત્ત પ્રાયઃ એકાગ્ર નથી થઇ શકતું. વળી પ્રથમ વ્યાપારી કોઇ સ્ત્રી સાથે અત્યંત પ્રેમમાં પડી એ સ્ત્રીથી મુગ્ધ થઇ જાય તો પોતાના વ્યાપારની એકાગ્રતામાં પણ ભંગાણ પડે છે. તેને વારંવાર પોતાની પ્રિયતમાના જ વિચારો આવ્યા કરે છે. એ વિચારોમાં વ્યાપાર ઉપર તેનું દિલ નથી ચોંટતું. વ્યાપારની એકાગ્રતા સાવ જતી રહે છે. તેનું ચિત્ત સ્વયમેવ પ્રિયતમામાં જ એકાગ્ર બને છે.

ચિત્તને જે વસ્તુ ઉપર વિશેષ ભાવ હોય છે તે વસ્તુમાં મનુષ્યની વૃત્તિ ચિરસ્થાયી રહે છે એ સર્વથા સ્પષ્ટ છે. જે વૃત્તિ ચિરસ્થાયી હોય તે વૃત્તિમાં ચિત્ત વિશેષ પરોવાય છે, ભિન્નભિન્ન ભાવોના સંસર્ગથી, ચિત્તને અમુક વિષયમાં રસ પડે છે, એ રસ જેમ વિશેષ હોય તેમ ચિત્ત એ વિષયમાં વિશેષ એકાગ્ર બને છે.

પરમાત્મપદના સાક્ષાત્કાર માટે, જે સાધુ પુરુષોએ દુનિયાનો ત્યાગ કર્યો છે તેમનો સત્સંગ ચિત્તને પ્રભુ સમીપ લઇ જવામાં સર્વોત્કૃષ્ટ સાધન રૂપ છે એમાં કંઇ શંકા નથી. આત્મસાક્ષાત્કારના ગ્રંથોનું વાંચન, અધ્યયન અને નિદિધ્યાસન પણ પ્રભુ-પંથે જવામાં એક અદ્વિતીય સાધન છે.

કોઇ વસ્તુમાં એકાગ્રચિત્ત થવું એટલે તે વસ્તુનાં નામ રૂપ આદિમાં એકાગ્ર થવું એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય

ડુંગરશી ધરમશી સંપટ

આ સાહિત્ય અતિ વિશાળ અને વિવિધ જાતનું છે. એ આઠમા સૈકાથી તે સત્તરમા સૈકા સુધીના ગુજરાતના લોકોની રહેણીકરણી, રીતભાત, ધંધારોજગાર, સ્થિતિ અને લાગવગો સંબંધી સારો પ્રકાશ પાડે છે. અલબત્ત, એમાં સાંપ્રદાયિક ધાર્મિક તત્ત્વ મોટા પ્રમાણમાં છે. આથી આમ જનતાને આ સાહિત્ય બહુ રુચિકર થતું નથી, પરંતુ એ સાહિત્યમાં મોટો ભાગ આમ જનતાના તે સમયના રૂઢીરિવાજોને ઠીક ઠીક પ્રમાણમાં વર્ણવે છે. વિવાહ, જન્મમરણના રિવાજો, કોમકોમના પરસ્પર સંબંધો, ધર્મોની પરસ્પર સહિષ્ણુતા, વેપાર, ધંધો, વહાણવટું, રાજ્યનીતિ, ધર્મ, સામાજિક રિવાજો, રાજાઓના પરસ્પર કલહો, ઇતિહાસ, ભૂગોળ, શહેરની રચના, ગામડાઓ, તળાવો, દેશદેશાવરો સંબંધી પુષ્કળ હકીકતો એમાં ભરેલી છે. જે સાધુઓએ આ ધર્મકથાઓ લખી છે તેઓ નિત્ય પ્રવાસીઓ હતા. દેશદેશાવરોનો અને ત્યાંના લોકોને એમને બહોળો અનુભવ હતો. એ સાધુઓ વિદ્યાવાન અને સારી નિષ્ઠાવાળા હતા. એમને અવલોકન કરવાની ટેવ હતી. આ સાધુઓ હિંદના જુદા જુદા ભાગોમાં જન્મ પામી ત્યાંના સંસ્કારોને સમજતા હતા. આના માટે આઠમી સદીમાં એટલે સંવત ૮૩૫ માં અપભ્રંશ ગ્રંથ કુવલયમાળા આપણે જોઇએ. એમાં સૌરાષ્ટ્ર ( કાઠિઆવાડ ), લાટ ( ભરૂચ ) અને ગુર્જર દેશો સંબંધી વર્ણનો છે.

---

અર્થ નિષ્પન્ન નથી થતો. વસ્તુમાં એકાગ્ર એટલે વસ્તુના રહસ્યમાં એકાગ્ર ધ્યાન કોઇ વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ન હોય તો ચિત્ત એ વસ્તુ ઉપર લાંબો કાળ સુધી એકાગ્ર ન જ રહી શકે. શેતરંજના ખેલાડીને રમવાનું જ ન હોય તો પ્યાદાંઓ વિગેરે થોડો વખત જોઈ જોઈને તે થાકી જાય. પણ ખેલાડીને રમત રમવાની હોય અને તે એમાં એકાગ્ર બને એટલે તેને કાળક્ષેપ આદિની કશીયે પરવા રહેતી નથી. તેને રમતમાં ઘણો રસ પડે છે. એનો રમતનો આનંદ ઓછો જ થતો નથી. મૂર્ત્તિની પૂજાનું પણ તેમજ સમજવું. મૂર્ત્તિની પૂજા કરતાં તેના નામ કે રૂપનો જ ખ્યાલ આવે તો મૂર્ત્તિપૂજા નિરર્થક જેવી છે. મૂર્ત્તિપૂજાની આ નિરર્થકતાના સંબંધમાં વિરોધીઓનો નિર્દેશ યથાર્થ જ છે એમ કહી શકાય. મૂર્ત્તિનાં નામ કે રૂપનાં ધ્યાનમાં કંઇ વિશિષ્ટ મહત્ત્વ જેવું નથી. નામ રૂપમાં એકાગ્ર થનારાઓની એકાગ્રવૃત્તિ થોડો વખત જ ટકી શકે છે. મૂર્ત્તિપૂજા એટલે પરમાત્માની પૂજા. મૂર્ત્તિપૂજાથી પરમાત્મપદનું એકાગ્ર ધ્યાન થવું જોઇએ. મૂર્ત્તિપૂજામાં એ પ્રમાણે એકચિત્ત થવાય તો મૂર્ત્તિપૂજા અત્યંત કલ્યાણકારી થઇ પડે છે.

જે વસ્તુ ઉપર કોઇ પણ જાતનો નિરસભાવ લાગ્યા વિના ચિત્ત ચિરકાળ સુધી એકાગ્ર બને છે તે વસ્તુ અત્યંત જ્ઞેય હોય એમાં કંઈ શક નથી. અત્યંત જ્ઞેય વસ્તુ ચિરકાળ સુધી એકાગ્ર ધ્યાનને પાત્ર જ હોય. આત્મા અનંત છે*

—( ચાલુ )

* વિસ્તારની દૃષ્ટિએ આત્મા અનંત નથી. દિવ્ય ગુણો અને જ્ઞાનની અનંત દૃષ્ટિએ આત્મા અનંત છે એમ યથાર્થ રીતે મનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધયલોણિયા પુટ્ટંગે ધમ્મવરે સંદ્ધિ વિગ્ગહે નિરૂણે,
ન ઉરે ભલ્લંઉ ભણિરે, અહ પેચ્છઇ ગુજ્જરે અવટે.

પછી ગુર્જર લોકો જેઓ ઘી અને માખણથી પુષ્ટ શરીરવાળા, ધર્મપરાયણ, સંધિ અને યુદ્ધના કામમાં ચતુર અને " ન ઉરે ભલ્લંઉ " એવી રીતે બોલતા જોવા.

એ સમયના રાજપુત યુગના ગુજરાતનું એ વર્ણન છે. હજી મુસ્લિમ રાજ્યની સ્થાપના ગુજરાતમાં થઇ નહોતી. આ શબ્દો પ્રશંસકના નથી પણ અવલોકનકારના છે.

હવે લાટ પ્રદેશ ( ભરૂચની આસપાસનો દેશ ) સંબંધી આ જ ગ્રંથકાર વર્ણન કરે છે.
" ન્હાએ વિલ વિલિત્તે, કમ સીમંતે સોહિયંગત્ત
" અમ્હ કાંઉ તુમ્હં, ભણિરે એહ પેચ્છઇ લાટે.

લાટના લોકો માથામાં સેંથો પાડે છે. અંગ ઉપર સુગંધી લેપો લગાડે છે, એઓ દેખાવડા શરીરવાળા છે.

અમ્હ કાંઉ તુમ્હ એવી ભાષા બોલનારા જોયા. આ ઉપરથી જણાય છે કે અપભ્રંશ સાહિત્ય આઠમી સદીમાં સૌરાષ્ટ્ર સાથે ગુજરાત રાજપુતાના વિગેરે પ્રદેશોમાં બોલાતી અને લખાતી ભાષા હતી. અને પ્રાંતભેદે થોડો ફેર હોવા છતાં એના મૂળ તત્ત્વો અને વ્યાકરણ તો એક જ પદ્ધત્તિ ઉપર રચાયેલાં હતાં. હમણાની ગુજરાતી, મારવાડી વગેરે ભાષાની એ મૂળ ભાષા છે, માલવામાં પણ એ જ ભાષા ચાલતી હતી. ઇટાલીઅન વિદ્વાન ટેસીટોરીના મંતવ્યો અને સર પીઅરસનના લેખો આ વિષયમાં ખૂબ સરસ અજવાળું પાડે છે. સાક્ષર શ્રી કેશવલાલ ધ્રુવે એક ઠેકાણે જણાવ્યું છે કે આપણી ગુજરાતીની જૂનામાં જૂની કવિતા પંદરમા સૈકાની આરંભ સુધી જ જઇ શકે છે. એથી આગળ જઇ શકતી નથી. ગુજરાતીના પ્રસિદ્ધ લેખક પ્રો. મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ લખ્યું છે કે-ગુજરાતી ભાષાને પ્રથમ ગુજરાતીનું રૂપ આપનાર જૈનો જ હોય એમ માનવાને બહુ કારણો છે. તેમ સ્પષ્ટ સમજાય એવું છે. આઠમી સાહિત્ય પરિષદના પ્રમુખ દિ. બહાદુર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ આ વિષેના પોતાના વિચારો નીચે મુજબ જણાવ્યા છે.

" ગુજરાતી ભાષાના સાહિત્યના મધ્ય યુગ અને તેની પણ પૂર્વેના યુગના માટે આજથી પચીસ વરસ પર જે અભિપ્રાયો બંધાયેલા તે, નવાં નવાં પુસ્તકો હાથ લાગવાથી કાળક્રમે બદલાતા ગયા છે. દાખલા તરીકે નરસિંહ મહેતાને આદિકવિનું સ્થાન આપવામાં આવતું અને સાથેસાથે એવો અભિપ્રાય આપવામાં આવતો કે નરસિંહ મહેતાના સમય પહેલાં ગુજરાતી સાહિત્ય હતું જ નહિં. તેનો આરંભ નરસિંહ મહેતાથી જ થયો-એ અભિપ્રાય ભૂલભરેલો માલૂમ પડ્યો છે...ઘણાં પ્રાચીન કાવ્યો જે અપ્રસિદ્ધ પડી રહેલાં તે પ્રસિદ્ધિમાં આવવાથી જૂના અભિપ્રાયો ફેરવી નવા બાંધવામાં આવ્યા છે તે પણ સ્થાયી નથી. કારણ હજી જૈન ભંડારોમાં અને જૈનેતર વ્યક્તિઓના કબજામાં એટલાં બધાં અપ્રસિદ્ધ લેખો પડી રહેલા છે કે જેમ જેમ પ્રસિદ્ધ થતા જશે તેમ તેમ હાલ બાંધેલા અભિપ્રાયો પણ ફેરવવા પડશે. આપણા જૂના સાહિત્ય સંબંધે હાલનો જમાનો અનિશ્ચિતપણાનો છે.

દિ. બહાદુર ઝવેરી સાહેબના આ અભિપ્રાય પછી ઘણું સાહિત્ય બહાર પડયું છે. હવે ચોક્કસ રીતે મનાય છે કે ગુજરાતી સાહિત્યનો પાયો અને વિકાસ જૈન સાધુઓની કૃતિઓ મારફતે નંખાયા છે, પરંતુ હજી ઘણું જૈન સાહિત્ય પ્રકાશમાં નથી આવ્યું તે પણ દિવા જેવી વાત છે. જૈનો ધનવાન છે, ઉદાર છે. એમનામાં પંડિત જિનવિજયજી, પંડિત સુખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समयं मा पमाए।

卐

## (૩) ' બ્રાહ્મી અને સુંદરી '

લેખક: મોહનલાલ દીપચંદ ચોકસી

ભગવંત, ચતુર્વિધ સંઘમાં અગ્રપદ સાધુ મહારાજનું હોય અને તેથી ધર્મમાં 'પુરુષ-પ્રધાનત્વ' જેવો ઉલ્લેખ કરાય એ ઠીક છે છતાં એનો અર્થ એ તો નથીને કે નારીજાતિમાં પુરુષ જેવી વિદ્વત્તા કે ઉપદેશશક્તિ હોઈ જ ન શકે !

સાધ્વી જીવનમાં અગ્રસ્થાન ધરાવનાર અને જાતે વિદુષી હોવા છતાં બ્રાહ્મી, આ પ્રશ્ન તને શાથી ઊભો થવા પામ્યો છે: તે વાત સમજાવી, પછી એ પાછળનો ભાવ દર્શાવું છું તે સાંભળ–

આત્મામાં અનંત શક્તિ છે. જ્યાં લગી ચાર ઘાતી કર્મનો સર્વથા નાશ નથી થયો હોતો ત્યાંસુધી તે સંપૂર્ણપણે પ્રકાશી ઉઠતી નથી. પુરુષપણું કે સ્ત્રીપણું એ ઉક્ત શક્તિના અવરોધક નથી. પુરુષની માફક સ્ત્રી પણ કેવળ-જ્ઞાન પામી શકે છે અને સર્વજ્ઞતાના બળે હજારોને સન્માર્ગ પર ઉપદેશદ્વારા આણી શકે છે.

પણ ઉભય જાતિની શરીરરચનામાં કેટલોક તફાવત છે. એ સાથે કેટલાક સ્વાભાવિક ગુણોમાં પણ વૈચિત્ર્ય સમાયેલ છે અને મોટા ભાગે કેટલાક કાર્યો જે રીતે પુરુષજાતિદ્વારા સફળ-તાને વર્યા હોય છે ત્યાં સ્ત્રીજાતિનો નંબર

---

લાલજી, મોહનલાલ દ. દેશાઇ અને બીજા કેટલાંક પ્રાચીન વિદ્યાના તજ્જ્ઞો છે. જૈનોએ મોટાં દેરાસરો બાંધ્યા, સંઘો કાઢ્યા, પોતાના વીતરાગવાળાં સાધુઓના બનાવેલાં સાહિત્યનો પ્રકાશ કરવો ઘટે. એમના જૂના પાટણ, જેસલમેર અને બીજા ભંડારોમાં અપ્રસિદ્ધ અપભ્રંશ સાહિત્યના થોકડાં ને થોકડાં પડ્યા છે. એ:સાહિત્ય સેંકડો વર્ષો થયા અંધારામાં પડીને અપ્રકાશિત રહ્યું છે. હવે એનો પ્રકાશ કરવાનો સમય આવ્યો છે.

એક પાંચ લાખ રૂપિયાની લિમિટેડ કંપની જૈનસાહિત્યના પ્રકાશન માટે જુદી કાઢવાની જરૂર છે. એ કંપની યોગ્ય વિદ્વાનો દ્વારા આ અપભ્રંશ સાહિત્યને શુદ્ધ કરી, એના ઉપર યોગ્ય નોંધો લખી, એની સંશોધિત આવૃતિઓ બહાર પાડે તો પ્રજા ઉપર મોટો ઉપકાર થાશે.

અપભ્રંશ સાહિત્ય આવી સ્થિતિમાં સમજાય તેવું નથી. આઠસો–હજાર વર્ષો પહેલાંની બોલાતી ભાષાઓ અને હમણાંની ગુજરાતી રાજપુતાની ભાષાઓ વચ્ચે ઘણા શબ્દો, રચના અને રચનાભેદ દેખાય છે. એટલે એ શુદ્ધ કર્યા વગરનું આ સાહિત્ય બહુ ઉપયોગી નથી, માટે દેશકાળ પ્રમાણે આ સાહિત્યનો ઉદ્ધાર કરવાનો સમય આવી પહોંચ્યો છે.

જૈનોના સાહિત્યમાં એકદેશીયતા પણ છે તેમ અનેકદેશીયતા છે. જે અનેકદેશીયતા છે તેનો લાભ ગુજરાતના વિદ્વાનોએ સંપૂર્ણ-પણે લીધો કે લેવરાવ્યો નથી. મારી સમ-જણ પ્રમાણે જૈન સાહિત્યનો સ્વાદ આમ પ્રજા પાળી શકે તેવા ગુણો ધરાવે છે, પરંતુ જૈન સાહિત્યને આમ જનતાને ભોગ્ય બને એવી રીતે મૂકવામાં આવ્યું નથી. ( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછળ હોય છે એથી ઊલટું કેટલાક એવા પણ કાર્યો દષ્ટિગોચર થાય છે કે જેમાં મરદનો અંક પાછો પડે છે અને અગ્રિમપદે અબળા જ હોય છે. ઉદાહરણ તરીકે મરદના હૃદયની કઠોરતા યાને સખતાઈ અને સ્ત્રીના હૃદયની કોમળતા યાને નરમાશ રજૂ કરી શકાય.

આવી કેટલીક કરામતો કુદરતના ચોપડે નોંધાયેલી વર્તતી હોવાથી ઉભયની કાર્યવાહીમાં ભિન્નતા સંભવે છે. પુરુષ ગમે તેવી પ્રબળ શક્તિ ધરાવે તો પણ માતૃત્વપદ પામી શકતો નથી અને સ્ત્રી ગમે તેવી આકરી ને નિંદ્ય કરણી કરે તો પણ સાતમી નર્કના દળિયા સંચિત કરી શકતી નથી.

બ્રાહ્મી, આ પ્રકારની કેટલીક વિષમતાઓનો સૂક્ષ્મ દષ્ટિથી અભ્યાસ કરતાં જણાશે કે ધર્મમાં પુરુષનું પ્રધાનત્વ એ વાસ્તવિક છે. એ જાતના પ્રતિપાદનથી નથી તો નારીજાતિને ઉતરતી લેખવામાં આવી કે નથી તો એની શક્તિઓ પર કોઇ જાતનો અંકુશ મૂકાયો.

પ્રભુ, તો પછી કોઇક વાર સાધ્વી પણ ઉપદેષ્ટા થઇ શકે ને?

સુંદરી, અલબત્ત, એમાં શંકાને રજમાત્ર સ્થાન નથી જ. જ્ઞાનાર્જનમાં નર-નારી જેવા ભેદ નથી. જે જાતિમાં તીર્થંકર જેવા રત્નોને જન્મ આપવાનું સામર્થ્ય છે, જે હાથોમાં જગતમાં નામના પ્રાપ્ત કરનારા માનવીઓના પારણા ઝુલાવવાની શક્તિ છે એ જાતિ કદિ પણ અવગણનાને પાત્ર ન લેખાય. બાકી પ્રત્યેક વિચારણા પાછળ જે અપેક્ષાનો મુદ્દો રહ્યો છે તે ધ્યાન બહાર ન થવા દેવો.

વિદુષી બાળાઓ, ખૂદ આ અવસર્પિણીના ઓગણીશમા તીર્થંકર તરીકે થનાર આત્મા શ્રી મલ્લિનાથ સ્ત્રીજાતિના શણગાર સમા છે. વધુ પુન્યાઇ તો એ છે કે તેઓને નથી તો અન્ય તીર્થપતિઓ સમ ઉપસર્ગો સહન કરવાના! દીક્ષા લેતાં ચોથું જ્ઞાન અને સાંજના કેવલજ્ઞાન. આ પ્રકારની શીઘ્રતા બીજા કોઇપણ તીર્થંકરને નથી લાધી.

હા, પ્રભુ જુઓને આજે લગભગ વર્ષ થવા આવ્યું છતાં બાહુબળિ મુનિને હજુ કેવળજ્ઞાન કયાં થાય છે.

બ્રાહ્મીએ કેવળજ્ઞાનની વાત ઉપરથી ચાલુ કાળને અનુરૂપ પ્રશ્ન ઊભો કર્યો અને એમાં સાધ્વી સુંદરીએ ઉમેરો કરતાં જણાવ્યું કે-અનશન તે કેવું આકરું! અફાટ જંગલમાં એકાકી ઊભા રહી, અડગતાથી કાયોત્સર્ગમાં એકતાર બનનાર મહાત્મા બાહુબળ સાચે જ ભડવીર છે. સંગ્રામમાં જેમ શૂરવીરતા દાખવી ખુદ ચક્રવર્તીને હંફાવી દીધા તેમ કર્મરાજ સાથેના ભીષણ યુદ્ધમાં જરા પણ કમીના નથી રાખી. દેહલતા કરમાઇને સરિતાની ગ્રીષ્મ કાળમાં દેખાતી-ક્ષીણ પટ સમી બની છે. દાઢીના વાળમાં પંખીઓએ માળા બાંધ્યા છે અને સમિપવર્તી વેલડીઓ આ તપસ્વીને સ્થિર વૃક્ષ માની એ પર વીંટળાઈ વળી છે! પ્રતિદિન જ્યાં વનચરોની ભયંકર રાડો સંભળાય છે ત્યાં આ ટેકીલો વીર ભીરુતાને ખંખેરી દેહ પરની મમતાને ઉવેખી, માત્ર આત્મદર્શનની ઝંખનામાં લીન થયો છે! આમ છતાં કેવળજ્ઞાન કેમ દૂર હશે? હજુ કયું કર્મ આડું ઊભું હશે?

'કર્મની વિચિત્રતા' તેથી જ પાને ચઢી છે ને! '**समयं मा पमाए**' જેવું નાનકડું સૂત્ર તેથી જ ટંકશાળી ગણાય છે. ભગવાન યુગાદિ બોલ્યા અને આગળ જણાવ્યું કે-આવું દારૂણ તપ તપનારના અંતરમાં પોલાણ પેખી મોહરાજનો એક તનુજ ભરાઇ બેઠો છે! કાયાની માયા ટાળનાર આત્મા વયે નાના છતાં જ્ઞાને ગરિમા એવા બંધવોને નમવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## બીકાનેરમાં શ્રી પર્વારાધન

પૂજ્યપાદ અજ્ઞાનતિમિરતરણિ કલિકાલકલ્પતરુ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સા૦ તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન ઠાણા ૧૪ ની છત્રછાયામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વનું આરાધન મોટા સમારોહપૂર્વક તથા શાંતિપૂર્વક થયું છે.

પર્વાધિરાજની આરાધના કરવા બહાર ગામથી અજીમગંજનિવાસી શ્રીમાન બાબુ સુરપતસિંહજી તથા નરપતસિંહજી અને પંજાબ, ગુજરાત, મુંબઇ, મારવાડ આદિ પ્રાંતોના લગભગ ૩૦–૩૫ ગ્રામ નગરોના ભાઇ બ્હેનો સેંકડોની સંખ્યામાં આવ્યા હતા. તપ, જપ, પૂજા, પ્રભાવના, સામાયક, પ્રતિક્રમણ, પૌષધ, વ્યાખ્યાનશ્રવણ, સ્વધર્મીભક્તિ આદિ ધર્મકાર્યોમાં શ્રી સંઘે અપૂર્વ લાભ લીધો હતો.

શ્રાવણ વદિ ૧૩–૧૪–૦)) ત્રણ દિવસ સુધી જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી વિવિધપ્રકારની પૂજાઓ રાગરાગણી સાથે ભણાવવામાં આવી હતી.

શ્રાવણ વદિ ૦))ના દિવસે શ્રીમાન શેઠ શિખરચંદજી રામપુરીયા પરમપવિત્ર શ્રી કલ્પસૂત્રને પોતાના ઘેર લઇ ગયા હતા. બીજા દિવસે સવારના સમારોહપૂર્વક લાવી પૂજ્યપાદ આચાર્યદેવને વહોરાવ્યું હતું. પૂજ્યપાદ આચાર્યદેવની અમૃતમય વાણીદ્વારા શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરી અનેક ભવ્યાત્માઓએ પોતાના જીવનને સાર્થક કર્યું હતું અહીંના વયોવૃદ્ધ જાણીતા સદ્‌ગૃહસ્થોનું કહેવું છે કે પૂજ્યપાદ આચાર્યદેવે ગણધરવાદનું જેવી શૈલીથી વિવેચન કર્યું હતું અને વાદસ્થળો સમજાવ્યા હતા તેવી શૈલી આજ સુધી અમારા સાંભળવામાં આવી નથી.

શ્રીમાન્ શેઠ રતનલાલજી ચોરડીઆ પ્રભુનું પારણું પોતાના ઘેર લઇ ગયા હતા.

---

હીણુપ માની રહ્યો છે! કાયાનો કુચો વાળનાર માયામાં ફસાઇ પડ્યો છે! 'વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે' જેવા કિંમતી સૂત્રને સમજવામાં મોળો પડ્યો છે અને એથી સંપૂર્ણ એવા કૈવલ્યને આઘું ઠેલી રહ્યો છે.

તમો ઉભય એની પાસે જઇ, એ વાત પ્રતિ એનું લક્ષ્ય ખેંચો. તમારા ઇશારાથી એને સાન આવશે અને તમારું એ કાર્ય ભાવિ પ્રજાને સ્મૃતિપથમાં સંગ્રહરૂપ ઉખાણો થશે. પ્રભુ ઋષભદેવ પાસેથી નીકળી ઉભય સાધ્વીઓ જ્યાં બાહુબલિ મુનિ દેહદમન કરતા ધરતી પર ઊભા છે ત્યાં આવી.

**'વીરા મ્હારા ગજથકી ઉતરો,**
**ગજ ચઢયા કેવળ ન હોય રે.'**

એટલું બોલી, વંદના કરી પાછી ફરી; છતાં એ શબ્દોએ જે ઝણઝણાટી પેદા કરી તે અદ્‌ભુત નિવડી!

બાહુબળ મુનિના મનોપ્રદેશમાં ધમસાણ મચ્યું. જ્યાં હાથી જ નથી ને કેવળ ધરતી છે ત્યાં ગજ પર ચઢવાપણું કેવું? તો પછી સાધુતાના અંચલાને ધરનાર ભગિનીયુગલ જૂઠું પણ કેમ ઉચ્ચારે! ઉંડી વિચારણા ચાલી. આત્મામંથન આરંભાયું. નિશ્ચય થયો. જ્ઞાની એવા અઠ્ઠાણું બંધવોને વાંદવાનો પગ ઉપડ્યો અને કૈવલ્ય ઉપજ્યું. '**मनः एव मनुष्याणाम् कारणं बंध मोक्षयोः**' એ સૂત્ર સાચું છે.

મનનો મેલ ધોવામાં જ કૈવલ્ય સામે આવ્યું. આ ઉપરથી 'દ્રવ્ય' યાને બાહ્ય સામગ્રી કરતાં 'ભાવ' અને મનની વિચારશ્રેણી કેવો સંગીન ભાગ ભજવે છે એનો પણ સહજ ખ્યાલ આવે છે. એકાદા નાનકડા પ્રમાદથી કેવું વિરૂપ ને વિષમ વાતાવરણ સર્જાય છે એ આ ચિત્રમાંથી સ્હેજે જોઇ શકાય છે; એટલે જ આ નાનકડા સૂત્રની સાચી આંકણી કરવાનું સુલભ બને છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભા. સુ. ૪ના દિવસે શ્રી બારસાસૂત્ર પૂજ્ય આચાર્યદેવની આજ્ઞાથી તેઓશ્રીના વિદ્વાન શિષ્ય પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયલલિતસૂરિજી મ૦ સા૦ વાંચ્યું હતું.

તત્પશ્ચાત્ પૂજ્યપાદ આચાર્યદેવ સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા આદિ ચતુર્વિધ સંઘ સાથે ચૈત્યપરિપાટી કરવા પધાર્યા હતા.

પરમપૂજ્ય પંન્યાસજી શ્રી ૧૦૮ શ્રી સમુદ્રવિજયજી મ૦ તથા બાલમુનિશ્રી નિપુણવિજયજી (જેઓની દીક્ષા ચૌમાસા પહેલા જ થઇ છે) તેઓએ અઠ્ઠાઇ કરી હતી. બીજા સાધુ–સાધ્વી તથા શ્રાવક–શ્રાવિકા તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઇ હતી. શ્રાવણ માસમાં ૧૨ માસખમણ થયા હતા અને ૧૫–૧૦ ઉપવાસ તથા અઠ્ઠાઇની તપશ્ચર્યા તો લગભગ ૨૫૦ થઇ હશે.

શ્રીમાન શેઠ સોહનલાલજી કરણાવટ તરફથી બહારગામથી આવેલ ભાઇ બહેનોને અને અઠ્ઠમ સુધીની તપશ્ચર્યાવાળાઓને શ્રીફળ અને એક એક રૂપીઆની પ્રભાવના આપવામાં આવી હતી. તથા શ્રીમાન શેઠ છગનમલજી સીરોયા તરફથી અઠ્ઠમ સુધીની તપશ્ચર્યાવાળાઓને શ્રીફળ અને એક એક રૂપીઆની પ્રભાવના આપવામાં આવી હતી.

ભાદરવા શુદિ ૧૧ ના દિવસે મહાન સમ્રાટ્ અકબરપ્રતિબોધક જગદ્ગુરુ જૈનાચાર્ય શ્રીમદ્ હીરવિજયજીસૂરિજી મ૦ની જયંતિ પૂજ્યપાદ આચાર્યદેવની અધ્યક્ષતામાં સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી. તે પ્રસંગે ખરતરગચ્છાચાર્ય આચાર્ય જિનહરિસાગરસૂરિજી તથા આચાર્ય જિનમણીસાગરસૂરિજી મ૦ પણ સાધુમંડલ સાથે પધાર્યા હતા. અનેક વક્તાઓએ જયંતિનાયકના જીવનપ્રસંગો ઉપર સારો પ્રકાશ પાડયો હતો.

## બીકાનેરમાં ગુજરાત, મારવાડ અને પંજાબના જૈનભાઈઓનું આવાગમન

ભાદરવા વદ ૧૩ ના રોજ વડોદરાથી મૂળ સોજતનિવાસી પરમ શ્રદ્ધાળુ શેઠ કેશરીમલજી સુકનરાજજી લગભગ ૪૦૦ માણસોનો સ્પેશીઅલ સંઘ લઇ પૂજ્યપાદ્ શ્રી આચાર્યદેવના દર્શનાર્થે અને ગુજરાત તરફ પધારવાની વિનંતિ કરવા અત્રે આવી પહોંચ્યા હતા. અમદાવાદ, મેસાણા, પાલણપુર, ફાલના, ખુડાલા, રાની, મારવાડ જંકશન, પાલી તથા જોધપુર વગેરે ગામોના શ્રી સંઘે ભક્તિપૂર્વક સ્વાગત કર્યું હતું. તેરસની સવારના નોખામંડી સ્ટેશને ગાડી પહોંચતા બીકાનેરવાળા શેઠ સોહનલાલજી કરણાવટે સંઘની ચા, દૂધ આદિથી ભક્તિ કરી હતી.

તેરસની સવારના ૧૦॥ વાગે બીકાનેર પહોંચતાં સંઘના સ્વાગતાર્થે સ્ટેશન ઉપર શહેરના તમામ આગેવાન સદ્‌ગૃહસ્થો આવ્યા હતા. સંઘવીને હારતોરા પહેરાવી સકલ સંઘનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યાંથી સકલ સંઘ શ્રી રામપુરીઆ જૈન ભુવનમાં આવી સંઘવીજીએ પૂજ્યપાદ્ આચાર્યદેવને સોના ચાંદીના પુષ્પોથી વધાવી જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ લીધો હતો. પૂજ્ય આચાર્યદેવે મંગલીક સંભળાવ્યા પછી આ. મ. લલિતસૂરિજીએ પ્રાચીન કાલના સંઘ અને સંઘવીના મહાત્મ્યનું વર્ણન કર્યું હતું.

તત્પશ્ચાત્ વડોદરા શ્રી સંઘ તરફથી વૈદ્યરાજ વાડીભાઇ તથા સંઘવી કેશરીમલજીએ પૂજ્ય આચાર્યદેવને વડોદરા પધારવા અત્યંત આગ્રહભરી વિનંતી કરી હતી. અને સંવત ૨૦૦૩ માં જે સ્વર્ગવાસી ગુરુદેવની શતાબ્દિ ઉજવવાની છે તેનો ચાન્સ પણ વડોદરાને મળે તે માટે પ્રાર્થના કરી હતી. તથા પંજાબ, મારવાડના સંઘો તરફથી પણ વિનંતીઓ થઇ હતી.

ભાદરવા શુદ ૧ સોમવારના રોજ ભગવાનની નાણ સમક્ષ પૂજ્યપાદ્ આચાર્યદેવના વરદ હસ્તે સંઘપતિજીને સમારોહપૂર્વક તીર્થમાલા પહેરાવવામાં આવી હતી તથા તે પ્રસંગે વડોદરાવાલા પટવા ભાઇચંદભાઈ અને કેટલાક ભાઈબ્હેનોએ બારવ્રત, ચતુર્થવ્રત, પંચમીવ્રત આદિ વ્રતોચ્ચારણ કર્યાં હતાં.

સંઘ તરફથી નીચે મુજબ ખાતાઓમાં ભેટ આપવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂા. ૧૦૦૧) તપગચ્છ દાદાવાડી.
રૂા. ૫૦૦) જૈન શ્વેતાંબર પાઠશાલા.
રૂા. ૨૦૦) સાધારણ ખાતામાં.
રૂા. ૧૨૫) શહેરના દહેરાસરોમાં.
રૂા. ૩૦૦) માંડસરજીના જીર્ણોદ્ધાર ખાતે.
રૂા. ૫૧) ખરતરગચ્છ દાદાવાડી.
રૂા. ૫૧) પાયચંદગચ્છ દાદાવાડી.

ત્યારબાદ અત્રેના શ્રી સંઘના આગેવાન દાનવીર શેઠ ભૈરોદાનજીએ શ્રી સંઘ તરફથી સંઘવીને પાઘડી બંધાવી ભેટ આપી મંગલતિલક કર્યું હતું. ત્યારપછી સંઘવીજીએ શેઠ ભૈરોદાનજીને દુશાલો ઓઢાવી ભેટણા આપી સ્વધર્મીસ્નેહમાં વૃદ્ધિ કરી હતી.

### ગોડવાડ શ્રી સંઘ.

આસો સુદી ૩ ના રોજ વરકાણાથી શ્રી સંઘ ગોડવાડ મહાસભાનું ડેપ્યુટેશન પૂજ્યપાદ્ આચાર્યદેવના દર્શનાર્થે અને ગોડવાડમાં પધારવાની વિનંતી કરવા આવ્યું હતું.

આસો સુદ ૫ ના રોજ શ્રી સંઘ તરફથી ચારિત્ર પૂજા સમારોહપૂર્વક ભણાવાઈ હતી. ગોડવાડ શ્રી સંઘે રૂા. ૧૦૦૦) **શ્રી વલ્લભ જન્મ હીરક મહોત્સવ** ફંડમાં આપ્યા હતા.

### શ્રી વલ્લભ જન્મ હીરક મહોત્સવ
(ડાયમન્ડ જ્યુબીલી.)

બીકાનેર શ્રી સંઘના સદ્ભાગ્યથી કાર્તિક સુદ ૨(ભાઇબીજ)ના રોજ પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ૭૫ મા વર્ષનો જન્મોત્સવ ઉજવવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. તે પ્રસંગે શ્રી વલ્લભ જન્મહીરક મહોત્સવ સમારોહપૂર્વક ઉજવવાનું નક્કી કર્યું છે. આસો વદી બીજી ૧૩ થી તેનો કાર્યક્રમ શરૂ થશે. જૈન જૈનેતર વિદ્વાનો, વક્તાઓ અને કવિ મહાશયો તે પ્રસંગે પધારશે તથા વલ્લભ અભિનંદન ગ્રંથ પ્રકટ કરવાની યોજના પણ થઇ રહી છે. તેની તૈયારીઓ ધમધોકાર ચાલી રહી છે. (મળેલું)

### બેંગલોરની શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર પાઠશાલાનાં મકાનની ઉદ્ઘાટન ક્રિયા.

બેંગલોરમાં શ્રી ગુજરાતી જૈન પાઠશાલાનાં મકાનની ઉદ્ઘાટન ક્રિયા **શ્રીયુત મોહનલાલભાઇ તારાચંદના** હસ્તે કરાવવાનું નક્કી કર્યા મુજબ મુંબઇથી શ્રીયુત મોહનલાલભાઇ તારાચંદ વગેરે ગૃહસ્થો બેંગલોર પધારતા સંઘ તરફથી સ્ટેશન ઉપર સ્વાગત કરવામાં આવ્યું.

તા. ૨૪-૯-૪૪ નાં જૈન મંદિરનાં હોલમાં સવારના મકાનો ઉદ્ઘાટન સમારંભ યોજવામાં આવેલ હતો.

પાઠશાલાનાં મુખ્ય કાર્યવાહક શ્રી ચુનીલાલ છગનલાલે પાઠશાલાનો અહેવાલ ટૂંકમાં કહેલ હતો અને શ્રી મોહનલાલભાઇને મકાનની ઉદ્ઘાટન વિધિ કરવા માટે વિનંતી કરી હતી.

શ્રી મોહનલાલભાઇએ ઉદ્ઘાટન કરવાનું માન આપવા બદલ બેંગલોરના સંઘનો આભાર માન્યો હતો અને આવા કાર્યો કરવાની પોતાની ફરજો છે અને આવી ફરજો બજાવવા પ્રભુ શક્તિ આપે તેવી અભિલાષા દર્શાવ્યા બાદ મકાનની ઉદ્ઘાટન ક્રિયા શ્રીયુત મોહનલાલભાઇએ કરી હતી અને મોહનલાલભાઈની દીકરી બેન ઇચ્છાબેન હસ્તક કુંભસ્થાપના કરી હતી.

આ મકાન બેંગલોરમાં વસતા ગુજરાતી ભાઇઓએ ફંડ કરેલું હતું. શ્રીયુત મોહનલાલભાઇએ પોતાના પીતાશ્રી તારાચંદ ગાંડભાઇનાં સ્મરણાર્થે પાઠશાલા સાથે તે નામ જોડી દસ હજાર રૂપીયા તે મકાન ફંડમાં આપ્યા હતાં. તે મકાનમાં બપોરના જ્ઞાનપૂજા ભણાવવામાં આવી હતી.

સાંજના શ્રી મોહનલાલભાઇ તારાચંદને સંસ્થા તરફથી માનપત્ર અર્પણ કરવાનો મેળાવડો મીસનલ હોલમાં શ્રીયુત્ રાવજીભાઈ મીઠાભાઇના પ્રમુખપણા નીચે થયો હતો.

શરૂઆતમાં મંગળ સ્તુતિ તથા સ્વાગતગીત થઇ રહ્યા બાદ શ્રી શાંતિલાલ ગીરધરલાલે બહારગામથી આવેલ તારો તથા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાના મંત્રીશ્રી શાંતિભાઇએ પાઠશાળાની સ્થાપનાનો ઇતિહાસ, અને મોહનલાલભાઇની સખાવતોની નોંધ જણાવી હતી. બાદ શ્રી. મૂળજીભાઇ ભીમજીભાઇએ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

પ્રમુખ સાહેબે હારતોરા સાથે ચાંદીની ફ્રેમમાં જડેલ માનપત્ર **શ્રી મોહનભાઇને** અર્પણ કર્યું હતું.

માનપત્ર મોહનભાઇએ સ્વીકારતા પ્રત્યુત્તરમાં જણાવ્યું કે–આ માનપત્ર આપવા બદલ શ્રી સંઘનો આભાર માનું છું, પણ માનપત્રને લાયક હું નથી. આ તો મારી ફરજ છે. ધાર્મિક કેળવણી આપવી અને તે માર્ગે મળેલ લક્ષ્મીનો ઉપયોગ કરવો તે તો સમસ્ત સંઘના બંધુઓની ફરજ છે. બાદ કેલવણીના અંગેના પોતાના અનુભવો તથા વિચારો રજૂ કર્યાં હતાં. અન્ય વક્તાઓએ સમયોચિત ભાષણો કર્યાં હતા.

શ્રીમોહનભાઇની દીકરી બેન ઇચ્છાએ ધાર્મિક કેળવણીની જરૂરીઆત વિષે પોતાના વિચારો જણાવ્યા હતા.

આ મેળાવડામાંથી નીચે મુજબ મળેલ પાઠશાળાને માટેના દાનની જાહેરાત કરવામાં આવી હતી. રૂા. ૧૦૦૧) શ્રી દુર્લભદાસ ઝવેરચંદ રૂા. ૨૫૧) શ્રી પરશોતમદાસ માવજી રૂા. ૧૦૧) શ્રી જેચંદભાઇ વાલચંદ રૂા. ૫૧) શ્રી છોટાલાલ ગિરધરલાલ રૂા. ૨૦૧) શ્રી મોહનલાલ વીરચંદ તરફથી પાઠશાળાના માસ્તરને ઈનામ આપવામાં આવ્યા હતા.

બાદ પ્રમુખશ્રીના હસ્તે પાઠશાળાના બાળકો તથા બાળાઓને શ્રી મોહનભાઇ તરફથી ચાંદીના પ્યાલા આપવામાં આવ્યા હતા.

આસો સુદ ૧૩ શનિવારનું બેંગલોરના જૈન સંઘનું સ્વામીવાત્સલ્ય શ્રી મોહનલાલ તારાચંદ તરફથી કરવામાં આવ્યું હતું. જુદી જુદી પાર્ટી આપવામાં આવી હતી.

બેંગલોરમાંથી શ્રી મોહનલાલભાઇની મહેનતથી તળાજા વિદ્યાર્થીગૃહને રૂા. ૨૦૦૧) શ્રી પોપ્યુલર સાયકલ કું. રૂા. ૧૦૦૧) ધી નેશનલ સાયકલ કું. તરફથી દાન મળેલ છે.

## ગ્રંથ સ્વીકાર.

**શ્રી મહાવીર વિદ્યાલયનો ઓગણત્રીશમો રીપોર્ટ**-વ્યવસ્થિત રીતે કાર્ય કરતું આ વિદ્યાલયની સંપૂર્ણ કાર્યવાહી તેમાંથી અવલોકન કરવા જેવી છે. આ વર્ષે સ્ત્રી કેળવણી ઉત્તેજીત કરનાર કન્યા છાત્રાલયની સ્થાપના આવશ્યક કાર્ય હાથ ધરેલ છે. જૈન સમાજની આ વિદ્યાલયને સંપૂર્ણ મદદની જરૂર છે જેથી ભવિષ્યમાં કેળવણીને ઉત્તેજન અનેક કાર્યો કરે તેમ ઇચ્છીએ છીએ.

## શેઠ કુશળચંદ કમળશીનો સ્વર્ગવાસ.

શ્રી કુશળચંદભાઇ ઘણા લાંબા વખત બિમારી ભોગવી સુરતમાં પંચત્વ પામ્યા છે. મૂળ જન્મભૂમિ મહુવા હતી, છતાં તેઓ મુંબઇ વગેરે મુખ્ય શહેરોમાં વારંવાર વ્યાપાર અર્થે જતા હતા. દેવગુરૂ ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધાળુ, મિલનસાર, અને સરલ હતા. પુણ્યયોગે સંપત્તિનો સારો યોગ જેમ જેમ થતો ગયો તેમ તેમ અનેક ધાર્મિક સંસ્થાઓમાં સખાવત કરતા હતા. જન્મભૂમિ મહુવામાં જૈન બાલાશ્રમ, ધર્મશાળા વગેરે તો તેઓની ઉદારતાના ફળરૂપે અને સ્મરણચિન્હ તરીકે હાલ પણ મોજુદ છે. આ સભાના ઘણા વર્ષોથી તેઓ લાઇફ મેમ્બર હતા તેઓના સ્વર્ગવાસથી મહુવા જૈન સંઘમાં અને આ સભામાં તેમની ખોટ પડી છે, તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાથીએ છીએ.

## શાહ મગનલાલ જાદવજીનો સ્વર્ગવાસ.

ભાઇ મગનલાલ માત્ર પાંચ દિવસની બિમારી ભોગવી પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે બહુ જ સરલ અને મિલનસાર હતા. આ સભાના તેઓ ઘણાં વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી એક સારા સભાસદની ખોટ પડી છે. તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાના ગ્રંથો

## શ્રી દાનપ્રદીપ–ગ્રંથ.

**અમારા દરેક ગ્રંથો ઉંચા કાગળો ઉપર સુંદર અક્ષરોથી છપાયેલ પાકા કપડાના બાઇડીંગથી બાંધેલા હોય છે.**

**દરેક જૈનબંધુઓએ પોતાના ઘરમાં, લાઇબ્રેરીમાં, મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથો રાખવા જ જોઇએ.**

( જીન આગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગૃહણ કરી જીનશાસનરૂપી મહેલમાં દાનરૂપી દીવાને પ્રકટ કરાવનાર અપૂર્વ ગ્રંથ; જેમાં અનેક મહાન પુરૂષોની જેમાં રસયુક્ત કથાઓ આપવામાં આવેલ છે. ) ધર્મના ચાર પ્રકાર દાન, શીયળ, તપ અને ભાવમાં દાનધર્મ મુખ્ય હોઇને દાન તીર્થંકર ભગવાન ચારિત્ર લીધા પહેલા એક વર્ષ પર્યંત આપે છે અને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ દેશનામાં દાનધર્મની દેશના આપે છે, તેજ દાનધર્મનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ દાનધર્મના પાંચ ભેદો અને ઉત્તર ભેદો વિસ્તારપૂર્વક વિવેચન અને સાથે દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન પુરૂષોના વીશ અદ્ભૂત ચરિત્રો, રસ યુક્ત કથાઓ બીજી અનેક અંતર્ગત કથાઓ અને બીજી અનેક જાણવા યોગ્ય હકીકત આપવામાં આવેલ છે. દાનધર્મ માટે આવો એક પણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી આ ગ્રંથ આદ્યંત વાંચતા કોઇપણ મનુષ્યને તે દાનધર્મ આદરવા તત્પરતા થતા જલ્દીથી આત્મકલ્યાણ સાધી મોક્ષને નજીક લાવી શકે છે. પાના ૫૦૦ કિંમત રૂા. ૩–૦–૦

---

## શ્રી પ્રભાવક ચરિત્ર.

### ( જૈન ઐતિહાસિક ગ્રંથ. )

આ ઐતિહાસ કથા સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્ય મહારાજની સુંદર કથાઓ છે. જે મહાન આચાર્યોનો પરિચય આપ્યો છે, તેમાં તે વખતની સામાજિક, રાજકીય, ધાર્મિક, પરિસ્થિતિ ઐતિહાસિક દૃષ્ટિએ આપી બીજી જાણવા યોગ્ય હકીકતો આપી અનુપમ કથાનો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. ઐતિહાસિક દૃષ્ટિએ આવેલા તમામ વર્ણનોની ઘટના સત્ય અને પ્રમાણિક છે, જેથી કેટલીક શિક્ષણ શાળાંઓમાં ધાર્મિક અભ્યાસ ક્રમમાં ઇતિહાસ તરીકે તેને સ્થાન મળેલ છે. વાંચતાં પણ આનંદ થાય તેમ છે પાના શુમારે સાડાશેંહ કિંમત રૂા. ૨–૮–૦.

---

**આપણી જૈન કોનફ્રન્સની એજ્યુકેશન બોર્ડે જૈન શાળાઓના અભ્યાસક્રમમાં દાખલ કરેલ હતો.**

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ **શ્રી હરિભદ્રસૂરિ** કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે. અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે. જે વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અને વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૨–૦–૦

## શ્રી ધર્મ પરિક્ષા.

### ( શ્રી જીનમંડનગણી વિરચિત )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાઓ કરી ગ્રહણ કરાય છે તેમ તેવા પ્રકારની પરીક્ષા ( ગુણો ) એ કરીને ધર્મ ગ્રહણ કરવો. તેના **આઠ ગુણોનું** વિસ્તારપૂર્વક વિવેચન, ઉપદેશક, સુંદર, મનનપૂર્વક વાંચતા હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જીજ્ઞાસા થાય તેવી જુદી જુદી **દશ કથાઓ** આ ગ્રંથમાં આપવામાં આવે છે. આત્માના દ્રવ્ય–ભાવરૂપી રોગોને દુર કરવા માટે રસાયન રૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મ રજને દૂર કરી આત્માને અત્યંત નીર્મળ કરનાર સદ્ધર્મના પરમ ઉપાસક બનાવી પરમ પદને–મોક્ષના અધિકારી બનાવે છે. બસેંહ ઉપરાંત પાના છે. કિંમત રૂા. ૧–૪–૦

## શ્રી કુમારપાળ પ્રતિબોધ.

### ( સુંદર ચિત્રો સહિત. )

જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય રાજા કુમારપાળ મહારાજને સમયે સમયે જૈન ધર્મનો બોધ વિવિધ વ્યાખ્યાન દ્વારા તે તે વિષયોની અનેક સુંદર કથા સહિત આપેલ છે કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈન ધર્મનો સ્વીકાર ( શીવ ધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો અને સનાતન જૈન ધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે જૈનધર્મની અતુલ પ્રભાવના, જીવદયાનો ( અહીંસાનો વગડાવેલ ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્યા ( રાજ-કીય, વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્ય પાલના ) નૃપતિની ઉચ્ચ ભાવના નીત્ય સ્મરણ વગેરે અનેક વર્ણનો સરલ સુંદર રસિક હોવાથી દરેક વાચકના હૃદય ઓતપ્રોત થઇ જતા વૈરાગ્યરસથી આત્મા છલકાઇ થઇ મોક્ષનો અભિલાષિ બને છે.

સાહિત્ય સાગરના તરંગોને ઉછાળનાર, શાંતરસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય, જનોને રસભર કથાઓના પાન સાથે સત્ય ઉપદેશ અને સત્ય જ્ઞાનનું અમૃતનું પાન કરાવનાર આ ગ્રંથના લેખક **શ્રી સોમપ્રભાચાર્ય** મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન હતા. આ ગ્રંથ કુમારપાળરાજાના સ્વર્ગવાસ પછી ૧૧મે વર્ષે જ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તે જ સાચો પુરાવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથના પઠન-પાઠનથી મહા મંગળરૂપ ધર્મ તેની પ્રાપ્તિ થતા આત્મ જ્ઞાનની ભાવનાઓ પ્રગટતા નિર્મળ સમ્યક્ત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રગટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે.

પાંચસેહ પાનાનો આ ગ્રંથ છે કિંમત રૂા. ૩-૧૨-૦.

## શ્રી પંચપરમેષ્ઠી ગુણ રત્નમાળા.

વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું અપૂર્વ વિસ્તારપૂર્વક વર્ણન ) આટલું સરલ સુંદર અન્ય કોઇપણ ગ્રંથમાં પ્રગટ થયેલ નથી.

સકલ મંત્ર શિરોમણી અને ગુણ કલ્પ મહોદધિ ચૌદ પૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહા મંત્ર કે જેનો મહીમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે. નવ લાખ વાર વિધિપૂર્વક જાપ કરતાં નર્કનું નિવારણ થતાં ભવનો પાર પામે છે-મોક્ષે જાય છે એમ શાસ્ત્રમાં વર્ણવેલ છે.

આ મહા મંગળકારી પંચપરમેષ્ઠીરૂપ નવકાર મંત્ર કે જેના ૧૦૮ ગુણો હોઇને તેનો ચમત્કાર, પ્રભાવ, તથા તેનું ફળ ઉદાહરણપૂર્વક વિસ્તારથી આ ગ્રંથમાં આપવામાં આવેલ છે કે જેના અભ્યાસ અને આરાધનથી માનવ જન્મ સફળ થાય છે.

જીનેશ્વર ભગવાને પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું ધ્યાન ધરવા ખાસ ફરમાન કરેલ છે તે તે ગુણોનું અપૂર્વ વર્ણન આપવામાં આવ્યું છે. પંચપરમેષ્ઠી અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચ્ચીશ, અને સત્તાવીશ, ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે. આ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે માત્ર નવકાર મંત્રનું ( શબ્દોનું ) ધ્યાન કરાય છે પરંતુ શાસ્ત્ર મહારાજનું કથન તો પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણના વર્ણનનું સ્મરણ મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે; જેથી ભવ્ય જનોના ઉપકાર નિમિત્તે **શ્રી રામવિજયજી ઉપાધ્યાયજી મહારાજે** તે ગુણોનું અપૂર્વ, સુંદરાને, સરલ, મોક્ષદાયી વર્ણન અનેક **ચમત્કારીક કથાઓ અને દ્રવ્યાનુયોગની હકીકતો અને શાસ્ત્રોની સાક્ષતો આપી** મોક્ષના અભિલાષિઓ માટે એક અલૌકિક રચના કરી છે. કિંમત રૂા. ૧-૮-૦

## શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની ચાર કથાઓ.

આ ઉપદેશક કથાના ગ્રંથ કર્તા મહાન ધુરંધર વિદ્વાન્ આચાર્ય શ્રી **મુનિ સુંદરસૂરીજી મહારાજ** છે. આ મહાન્ આચાર્યે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે, તેમાં આવેલ **( ૧ ) શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીર શુભાની** કથા ( ૨ ) દાનાદિ પુણ્ય ફળ ઉપર **ધર્મધનની કથા** ( ૩ ) શ્રાવક ધર્મની આરાધના વિરાધના ઉપર **સિદ્ધદત્ત કપિલની કથા** અને ( ૪ ) ચાર નિયમ પાળવા ઉપર **સુમુખનૃપાદિ ચાર મિત્રોની કથા** આ ચાર કથાઓ એટલી બધી સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતા પૂર્ણ, ચમત્કારીક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમ રોમ વિકસ્વર થતાં, ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે આત્મિક ગુણોને ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં, દરેક મનુષ્ય પોતાના આત્માને મોક્ષ નજીક લાવી મુકે છે. ઘણીજ થોડી નકલો સીલીક છે માટે જલ્દી મંગાવો કિંમત રૂા. ૧-૪-૦

## જૈન નરરત્ન ભામાશાહનું જીવન ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન કથાઓનો આદર **જૈન સમાજમાં** કેટલાક **અંશે** વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી તેમજ દેશમાં. સમાજમાં પણ દેશ અને સમાજ સેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવન જોશભેર ફુંકાતો હોવાથી મનુષ્યો તેવી સેવા કરવા ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસ પ્રસિદ્ધ **જૈન કુળભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસીક દષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરસૂરીશ્વરની** અહોનીશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી ધર્મ પ્રેમના પ્રકાશો પાડી રહેલ છે. જે વાંચતા તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને રહેજે લલચાઇએ છીએ. શુમારે છત્રીશ ફોર્મ ત્રણસે પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાવી સુશોભીત બાઈડીંગથી અલંકૃત કરવામાં આવેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૦–૦

## સ્ત્રી ઉપયોગી સુંદર ચરિત્ર.

### સતી સુરસુંદરી ચરિત્ર.

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળા નાગને શાંત કરવામાં જાપ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત રસિક કથા ગ્રંથ ).**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વરમુનિની આ સતી શિરોમણી સ્ત્રી ઉપયોગી કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાઇ છે. વૈરથી ધગધગતા અને રાગ મોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા, કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે.

પ્રાચીન શૈલીએ લખાયેલ આ કથાને બની શકે ત્યાં સુધી આધુનીક શૈલીએ મૂળ, વસ્તુ અને આશય, એ તમામ સાચવી સરલ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

પ્રથમ કથા ચરિત્ર, પછી કેવળી ભગવાનની ઉપદેશ ધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો અર્થ સાથે ગોઠવીને આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્ર કથા, અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ રત્ન છે. કિંમત રૂા. ૧–૮–૦ છે.

## વીશસ્થાનક તપ પૂજા ( અર્થ સાથે )

### વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત.

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો, વિગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રગટ કરેલ છે. વિશસ્થાનક તપ એ તિર્થંકર નામ કર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. આ ગ્રંથમાં શ્રી વીશસ્થાનક તપનું મંડળ છે, જે કોઇ અત્યાર સુધી જાણતું પણ ન હતું, છતાં અમે ઘણી શોધખોળ કરી, પ્રાચીન ઘણીજ જુની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો, બ્લોક, કરાવી છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમુલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જીનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે. કિંમત ૧–૦–૦ છે. દરેક ગ્રંથનું પોસ્ટ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ થી ચાલુ )

ઇચ્છીએ છીએ. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક બાબતો અને કથાઓ આવેલી છે.

આ ગ્રંથમાં પૂરેપૂરી સહાય આપનારનું જીવનચરિત્ર અને ફોટો આપવામાં આવશે. આવો પ્રભાવશાળી, ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ–સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી જેથી કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુએ આ ગ્રંથ સાથે નામ જોડવા જેવું છે. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

## ૨. શ્રી કથારત્ન કોષ ગ્રંથ.

**૩. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.** **૪. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર.**

**૫. શ્રી સુમતિનાથ ચરિત્ર.** **૬. શ્રી સંઘપતિ ચરિત્ર.**

વિગેરે ગ્રંથોના ભાષાંતરો તૈયાર થાય છે–પ્રગટ કરવાના છે. આર્થિક સહાયની જરૂર છે. દરેક ગ્રંથો ઊંચા કાગળો, સુંદર ગુજરાતી અક્ષરોથી પાકા બાઇન્ડીંગથી સચિત્ર તૈયાર થશે.

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને ગુજરાતીમાં તેનો ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના કરી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં ૭૨ દેવકુલિકામાં, ચોવીશ રત્નની, ૨૪ સુવર્ણની તથા પીતળના અને ચોવીશ રૂપાની ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના જિનેશ્વરોની પ્રતિમા બિરાજમાન હતી, અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વકળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીમાં ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ઉંચા આર્ટ પેપર ઉપર સુંદર શાસ્ત્રી અક્ષરથી પોથી આકારે છપાયેલ છે. ભાષા જ્ઞાનના અભ્યાસીઓ માટે ઉચ્ચ સાહિત્ય પુરૂં પડે છે. ૨૫૦ પાનાનો ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૦–૦.

## આત્મ વિશુદ્ધિ ગ્રંથ.

જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિના સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ વિગેરે અનેક વિષયોથી ભરપુર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇપણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્ય મહારાજ શ્રી વિજયકેશરસૂરિજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાંચકને આત્માનંદ થતાં કર્મોને નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મૂકે છે. આત્મસ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતા પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખતનો ચોક્કસ શાંત રસ વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. પાકું પુંઠું કિંમત રૂા. ૦–૮–૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## તૈયાર છે ! ॥ श्री कथारत्न कोष ॥(कहारयण कोसो) તૈયાર છે !!

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૮ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી, એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક અનુપમ કથારૂપી રત્ન ભંડાર આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે તેમ પુરવાર થયેલ છે. ફોર્મ ૬૬ પાના ૮૦૦ આઠસેંહ ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી પ્રતાકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ.એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ. એલ. બી. એ ઉપોદ્‌ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરુપ, ધાર્મિક, સમાજ, રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય અને પ્રમાણિક બધી માહિતીઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને રૂપમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. સાથે આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, સાથે છેવટે દરેક કાવ્યો, રાસોનું ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કીંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

## શ્રી તત્ત્વનિર્ણયપ્રાસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની ૫૦) કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only